પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ   વર્ષ : ૩૦   અંક : ૧૭   કુલ પાના : ૪   તારીખ : ૧૦-૦૯-૨૦૨૬ ગુરુવાર   કિંમત રૂા.૧.૫૦/-

EDITOR, PRINTER PUBLISHER & OWNER: KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97   9712880678   panchmahalsamachar@gmail.com   panchmahalsamachar   panchmahalsamachar   w w w.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે HI લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## કોંગ્રેસે શ્રીનગર ફિલ્મ ફેસ્ટિવલમાં ઓમર અબ્દુલ્લા દ્વારા આખું વંદે માતરમ ગાવા સામે વાંધો ઉઠાવ્યો

શ્રીનગર

જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાનો વંદે માતરમ ગાવાનો એક વીડિયો સામે આવ્યો છે. આ ગીત ૭ સપ્ટેમ્બરના રોજ શ્રીનગરમાં એક ફિલ્મ ફેસ્ટિવલના ઉદ્ઘાટન દરમિયાન ગવાયું હતું. અબ્દુલ્લા આ ગીતના સમગ્ર ૩ મિનિટ અને ૧૦ સેકન્ડ સુધી ઉભા રહ્યા હતા. તેમના પિતા, નેશનલ કોન્ફરન્સના નેતા ફારુક અબ્દુલ્લા પણ હાજર હતા. વીડિયો રિલીઝ થયા બાદ, કોંગ્રેસ પાર્ટીએ વાંધો વ્યક્ત કર્યો છે. કોંગ્રેસના મહાસચિવ કે.સી. વેણુગોપાલે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે વંદે માતરમનું સંપૂર્ણ સંસ્કરણ ભારત માટે સ્વતંત્રતા સેનાનીઓએ અપનાવેલા બહુલવાદી અને સમાવેશી



દ્રષ્ટિકોણ સાથે અસંગત છે.

કે.સી. વેણુગોપાલે તેમના નિવેદનમાં મહાત્મા ગાંધી, જવાહરલાલ નેહરુ, સરદાર પટેલ, સુભાષ ચંદ્ર બોઝ, રાજેન્દ્ર પ્રસાદ, આચાર્ય નરેન્દ્ર દેવ, મૌલાના આઝાદ, સરોજિની નાયડુ અને જે.બી. કૃપાલાનીના વિચારો અને નિર્ણયોનો ઉલ્લેખ કર્યો છે. તેમણે કહ્યું કે કોંગ્રેસ તેના સાથી પક્ષોને આદરપૂર્વક વિનંતી કરે છે કે તેઓ સ્વતંત્રતા સેનાનીઓની સમજ અને નિર્ણયનો આદર કરે. કોંગ્રેસનું માનવું છે કે તે સમયના નેતાઓ દ્વારા અપનાવવામાં આવેલ વંદે માતરમનું ફક્ત સંસ્કરણ જ ગાવું જોઈએ.વેણુગોપાલના મતે, ગીતને સાંપ્રદાયિક રંગ ન આપવા માટે તે સંસ્કરણ પસંદ કરવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે કોંગ્રેસ માટે ભારતની ધર્મનિરપેક્ષ અને સમાવેશી ઓળખ જાળવી રાખવાનો આ એકમાત્ર રસ્તો છે.

વંદે માતરમ પર કોંગ્રેસના વાંધો ઉઠાવવા પર ભાજપે આકરા પ્રહારો કર્યા છે. ભાજપના પ્રવક્તા સુધાંશુ ત્રિવેદીએ આરોપ લગાવ્યો કે કોંગ્રેસ કટ્ટરપંથીઓના હાથની કઠપૂતળી બની ગઈ છે. ભાજપે કહ્યું કે કોંગ્રેસના સાથી પક્ષો પણ તેના વલણ સાથે અસંમત હોય તેવું લાગે છે. પાર્ટીએ પ્રશ્ન કર્યો કે જો કોંગ્રેસના સાથી પક્ષોને વંદે માતરમના આખા ગીત સાથે કોઈ વાંધો નથી, તો કોંગ્રેસ આ મુદ્દા પર આટલું કડક વલણ કેમ અપનાવી રહી છે.

સોનિયા ગાંધીના વીડિયોથી વિવાદ ઉભો થયો. ૧૫ ઓગસ્ટના રોજ એક વીડિયો સામે આવ્યો હતો જેમાં સોનિયા ગાંધી કોંગ્રેસ મુખ્યાલયમાં પ્રથમ શ્લોક ગાયા પછી વંદે માતરમ ગાવાનો સંકેત આપતા જોવા મળ્યા હતા. આ વીડિયોને કારણે કોંગ્રેસ પાર્ટી તરફથી માફીની માંગણી કરવામાં આવી હતી. દેશના કેટલાક ભાગોમાં કેસ દાખલ થયા હોવાના અહેવાલો પણ સામે આવ્યા હતા. કોંગ્રેસે વિવિધ સ્પષ્ટતાઓ રજૂ કરી હતી, પરંતુ પાર્ટી પોતાના વલણ પર અડગ રહી હતી. બાદમાં, તેણે સ્પષ્ટતા કરી હતી કે તે વંદે માતરમના ફક્ત બે શ્લોક ગાશે. પાર્ટીની કારોબારી સમિતિમાં એક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો અને ૧૮ ઓગસ્ટના રોજ કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ પાર્ટીના વલણને સ્પષ્ટ કર્યું હતું.વંદે માતરમ પર ઓમર અબ્દુલ્લાનું વલણ સ્પષ્ટ રહ્યું છે. જોકે, ૧૫ ઓગસ્ટના રોજ સોનિયા ગાંધીના વીડિયો વિશે જ્યારે ઓમરને પ્રશ્ન કરવામાં આવ્યો ત્યારે તેમણે વંદે માતરમના સંપૂર્ણ ગાનની હિમાયત કરી હતી. આનો અર્થ એ થયો કે ૭ સપ્ટેમ્બરના રોજ શ્રીનગર ફિલ્મ ફેસ્ટિવલમાં સમગ્ર વંદે માતરમ ગાન દરમિયાન ઓમરનું વલણ અચાનક બદલાયું નથી. તેમણે અગાઉ આ મુદ્દે પોતાનું વલણ સ્પષ્ટ કર્યું છે. ભાજપે વંદે માતરમના સન્માન અંગે એક મહત્વપૂર્ણ ઠરાવ પસાર કર્યો છે.

કોંગ્રેસ વંદે માતરમ મુદ્દે એકલવાયું લાગે છે. વિપક્ષી ગઠબંધનમાં સામેલ ઘણા પક્ષો કોંગ્રેસના વલણ સાથે સંપૂર્ણપણે સહમત નથી. ચાલો જાણીએ કે આ મુદ્દા પર કયા પક્ષનું વલણ છેઃ નેશનલ કોન્ફરન્સના નેતા અને જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા આખું ગીત ગાવાના પક્ષમાં છે. ટીએમસીએ આખા શ્લોકને ફરજિયાત બનાવવાનો વિરોધ કર્યો છે, પરંતુ કોંગ્રેસની જેમ આખા ગીતનો સખત વિરોધ વ્યક્ત કર્યો નથી. સમાજવાદી પાર્ટી રાષ્ટ્રીય સ્તરે આખા ગીતનો વિરોધ કરતી નથી. ઉદ્ધવ ઠાકરેની શિવસેના (યુબીટી) એ કોંગ્રેસના વલણને ટેકો આપ્યો નથી. ડીએમકે આખા છ શ્લોકને ફરજિયાત બનાવવાનો વિરોધ કરી રહી છે. આરજેડીની પાર્ટી લાઈન હજુ સુધી સંપૂર્ણપણે સ્પષ્ટ નથી. કોંગ્રેસની જેમ શરદ પવારના એનસીપી-એસપી પણ વંદે માતરમનો વિરોધ વ્યક્ત કરી નથી.

કોંગ્રેસ સામે આ સૌથી મોટો પ્રશ્ન છે. એક તરફ, પાર્ટીએ વંદે માતરમના ફક્ત બે શ્લોક ગાવાનું નક્કી કર્યું છે, જ્યારે બીજી તરફ, તેના ઘણા સાથી પક્ષો આ મુદ્દા પર કોંગ્રેસ સાથે ઉભા હોય તેવું લાગતું નથી. ઓમર અબ્દુલ્લા દ્વારા આખું વંદે માતરમ ગાવાનું કોંગ્રેસ માટે મુશ્કેલ પ્રશ્ન બની ગયો છે કારણ કે તે વિપક્ષી ગઠબંધનના મુખ્ય સાથી છે. પરંતુ તે સતત પોતાનું વલણ સ્પષ્ટ કરી રહ્યું છે, એક જ મુદ્દા પર તેના સાથી પક્ષોના અલગ અલગ મંતવ્યો હોવાને કારણે, હવે પ્રશ્ન એ ઉઠી રહ્યો છે કે શું વંદે માતરમ પર કડક વલણ અપનાવીને કોંગ્રેસ રાજકીય રીતે અલગ પડી રહી છે.

## વિવિધ માગણીઓને લઈને આંગણવાડી અને આશા વર્કરોના અમદાવાદમાં બે દિવસના ધરણાં-ઉપવાસ

અમદાવાદ

'હું તો કાગળિયા લખી લખી થાકી, સરકાર તારા મનમાં નથીપ હું તો આજીજી કરી કરી થાકી, સરકાર તારા મનમાં નથીપ' ગીતના માધ્યમથી સરકાર સામે પોતાની વ્યથા વ્યક્ત કરતી આંગણવાડી બહેનોનો અવાજ આજે અમદાવાદના સરદાર ગાર્ડનમાં સંભળાયો હતો. આંગણવાડી કર્મચારીઓ અને આશા વર્કરો દ્વારા લઘુત્તમ વેતન સહિતની વિવિધ પડતર માગણીઓને લઈને બે દિવસના ઉપવાસ અને ધરણાં પ્રદર્શનની શરૂઆત કરવામાં આવી છે. ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠન અને ગુજરાત આશા એન્ડ હેલ્થ વર્કર યુનિયનના નેજા હેઠળ રાજ્યના વિવિધ વિસ્તારોમાંથી બહેનો અમદાવાદમાં એકઠી થઈ છે.

મોંઘવારીની સ્થિતિ વચ્ચે સરકારની વિવિધ યોજનાઓ અને આરોગ્ય-સામાજિક ક્ષેત્રની કામગીરી સાથે સંકળાયેલા કર્મચારીઓને મળતું વેતન ખૂબ ઓછું હોવાનો દાવો સંગઠનો દ્વારા કરવામાં આવ્યો છે.

સંગઠનના જણાવ્યા મુજબ હાલમાંઃ આંગણવાડી વર્કરઃ ૧૦,૦૦૦ પ્રતિ માસ.આંગણવાડી હેલ્પરઃ ૫,૫૦૦ પ્રતિ માસ.આશા વર્કરઃ ૪,૫૦૦ પ્રતિ માસ.આ વેતનમાં વધારો કરીને લઘુત્તમ વેતન મુજબ ચુકવણી કરવામાં આવે તેવી મુખ્ય માગ છે.

આંગણવાડી બહેનોના જણાવ્યા પ્રમાણે ગુજરાત હાઈકોર્ટની



બેન્ચ દ્વારા આંગણવાડી વર્કર અને હેલ્પરના વેતન અંગે અનુક્રમે ૨૪,૮૦૦ અને ૨૦,૩૦૦ના હુકમ કરવામાં આવ્યા હતા. જોકે, સંગઠનનો આક્ષેપ છે કે આ ચુકાદાનો અમલ કરવાને બદલે રાજ્ય સરકાર દ્વારા મામલો સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો છે. જેના કારણે કર્મચારીઓમાં ભારે નારાજગી છે.

ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠનના સૌરાષ્ટ્ર ઝોનના મહામંત્રી સંગીતાબેન દવેએ જણાવ્યું કે તેમની મુખ્ય માગણી સરકાર હાઈકોર્ટના ચુકાદાનો અમલ કરે તે છે. તેમના જણાવ્યા પ્રમાણે જ્યારે પણ કર્મચારીઓ પોતાની માગણીઓ લઈને આંદોલન કરે છે ત્યારે સરકાર દ્વારા બેઠક માટે બોલાવવામાં આવે છે અને વિવિધ આશ્વાસનો આપવામાં આવે છે, પરંતુ વચનોનો અમલ થતો નથી. સંગીતાબેને મોંઘવારીનો મુદ્દો ઉઠાવતા કહ્યું કે વર્તમાન સમયમાં મળતા ઓછા વેતનમાં પરિવારનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બની ગયું છે. તેમના જણાવ્યા પ્રમાણે ઘરવપરાશની સામાન્ય વસ્તુઓ અને ગેસ સહિતના ખર્ચમાં જ મોટી રકમ વપરાઈ જાય છે.

તેમણે સવાલ ઉઠાવ્યો કે આટલા ઓછા વેતનમાં આંગણવાડી બહેનો પોતાના બાળકોના શિક્ષણ અને પરિવારના અન્ય ખર્ચ કેવી રીતે પહોંચી વળે? તેમણે વધુમાં કહ્યું કે જો સરકાર ખરેખર મહિલા સશક્તિકરણની વાત કરે છે તો આંગણવાડી અને આશા વર્કરોને યોગ્ય વેતન આપવું જોઈએ, જેથી પોતાની માગણીઓ માટે તેમને રસ્તા પર ઉતરવાની ફરજ ન પડે.ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠનના મહામંત્રી કૈલાશબેને દાવો કર્યો કે વર્ષોથી રજૂઆતો કરવા છતાં કર્મચારીઓની માગણીઓનો યોગ્ય ઉકેલ આવ્યો નથી. તેમના જણાવ્યા પ્રમાણે કામગીરી સતત વધી રહી છે, પરંતુ તેની સરખામણીમાં વેતનમાં જરૂરી વધારો કરવામાં આવ્યો નથી. તેમણે દાવો કર્યો કે ૨૦૧૮થી કેન્દ્ર સરકાર તરફથી વેતનમાં વધારો થયો નથી, જ્યારે ૨૦૨૨ બાદ રાજ્ય સરકાર દ્વારા પણ વેતનમાં વધારો કરવામાં આવ્યો નથી. મોંઘવારીમાં સતત વધારો થઈ રહ્યો હોવાથી કર્મચારીઓના વેતનમાં પણ તે પ્રમાણે વધારો કરવામાં આવે તેવી માગ તેમણે કરી છે.કૈલાશબેને સરકાર પર આક્ષેપ કરતા કહ્યું કે આંદોલન દરમિયાન બેઠકો યોજી આશ્વાસન આપવામાં આવે છે, પરંતુ વચનો પૂરા થતા નથી. તેમણે કહ્યું કે ચૂંટણી સમયે આંગણવાડી બહેનોની કામગીરી લેવામાં આવે છે. મતદાર યાદી અને બીએલઓની કામગીરીથી લઈને ચૂંટણી દરમિયાન બુથ પરની જવાબદારી સુધી વિવિધ કામગીરીમાં બહેનો જોડાય છે. તેમનો આક્ષેપ છે કે ચૂંટણી કે મોટા કાર્યક્રમો દરમિયાન સરકારને આ બહેનોની કામગીરી યાદ આવે છે, પરંતુ ત્યારબાદ તેમની પડતર માગણીઓ તરફ પૂરતું ધ્યાન આપવામાં આવતું નથી.હાલ અમદાવાદના સરદાર ગાર્ડનમાં બે દિવસ માટે ધરણાં અને ઉપવાસ શરૂ કરવામાં આવ્યા છે. સંગઠનો દ્વારા સરકાર સમક્ષ વેતન સહિતની વિવિધ પડતર માગણીઓનો તાત્કાલિક ઉકેલ લાવવાની માગ કરવામાં આવી છે. જો સરકાર દ્વારા માગણીઓ અંગે યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે તો આગામી સમયમાં આંદોલનને વધુ ઉગ્ર બનાવવાની ચીમકી પણ સંગઠનના આગેવાનો દ્વારા આપવામાં આવી છે.આંગણવાડી અને આશા વર્કરોના આ વિરોધ વચ્ચે હવે સરકાર તરફથી શું પ્રતિસાદ આપવામાં આવે છે અને કર્મચારીઓની માગણીઓ અંગે કોઈ નિર્ણય લેવાય છે કે નહીં તેના પર સૌની નજર છે.

## ભારત-જાપાન વાયુસેના જોધપુરના આકાશમાં તાકાતનું પ્રદર્શન કરશે, વીર ગાર્ડિયનમાં ફાઈટર જેટ્સ ગર્જના કરશે

નવીદિલ્હી

ભારતીય અને જાપાની વાયુસેના હવે હવામાં પોતાની તાકાત અને લડાયક ક્ષમતાઓનું પ્રદર્શન કરવા માટે તૈયાર છે. ભારતીય વાયુસેનાએ જોધપુર વાયુસેના સ્ટેશન ખાતે જાપાન વાયુસેના સ્વ-રક્ષા દળ ના એફ -૨ ફાઈટર જેટનું સ્વાગત કર્યું. બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય હવાઈ લડાયક કવાયત "વીર ગાર્ડિયન-૨૦૨૬" અહીં શરૂ થઈ રહી છે. આ કવાયત ૯ સપ્ટેમ્બરથી ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી ચાલશે. આ વીર ગાર્ડિયન કવાયતની બીજી આવૃત્તિ છે. આ કવાયત દરમિયાન, બંને દેશોના વાયુસેના સંયુક્ત રીતે અનેક જટિલ અને અદ્યતન ઓપરેશનલ મિશનનું સંચાલન કરશે.

ભારતીય વાયુસેના આ કવાયતમાં તેના ઘણા મુખ્ય ફાઈટર વિમાનોને તૈનાત કરશે. આમાં સ્વદેશી લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ તેજસ, એસયુ-૩૦ એમકેઆઈ અને રાફેલનો સમાવેશ થાય છે. જાપાન એર સેલ્ફ-ડિફેન્સ ફોર્સના એફ -૨એ ફાઈટર જેટ ભાગ લેશે. જાપાની એરફોર્સના જણાવ્યા અનુસાર, ૮મી એર વિંગ, સુઈકી એર બેઝના ત્રણ એફ-૨એ ફાઈટર જેટ અને



આશરે ૧૧૦ કર્મચારીઓ આ કવાયતમાં ભાગ લેશે.ભારતીય વાયુસેનાએ અહેવાલ આપ્યો છે કે બે જાપાની ઝ-૨ એરક્રાફ્ટ એરફોર્સ સ્ટેશન જોધપુર ખાતે ઉતર્યા છે, જે જાપાની ટુકડીને તેમની સાથે લાવે છે.આઈએએફના મીડિયા કોઓર્ડિનેશન સેન્ટરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કર્યું છે કે જોધપુર ઉપરનું આકાશ હવે તીવ્ર હવાઈ કામગીરી માટે તૈયાર છે. જાપાની એફ-૨ એરક્રાફ્ટનું આગમન બંને દેશો વચ્ચે આંતર-કાર્યક્ષમતાને મજબૂત બનાવશે, કૌશલ્ય વધારશે અને ભારત-જાપાન સંરક્ષણ ભાગીદારીને નવી ઊંચાઈએ પહોંચાડશે.'વીર ગાર્ડિયન-૨૬' ૧૪-દિવસીય કવાયત છે. બંને દેશોના વાયુ યોદ્ધાઓ અદ્યતન ઓપરેશનલ મિશનમાં ભાગ લેશે. બંને સેનાના સૈનિકો અને અધિકારીઓ વચ્ચે વ્યાપક વ્યાવસાયિક ક્રિયાપ્રતિક્રિયા પણ થશે. આ કવાયતમાં માત્ર હવાઈ લડાઇ કવાયતો જ નહીં, પણ વિવિધ પ્રવૃત્તિઓ પણ હશે. આમાં મિશન પ્લાનિંગ કોન્ફરન્સ, નિષ્ણાતો વચ્ચે વિચારો અને અનુભવોનું આદાનપ્રદાન, એન્જિનિયરિંગ મુદ્દાઓ પર ચર્ચા અને એરોસ્પેસ સલામતી સંબંધિત વિષયો પર ચર્ચાનો સમાવેશ થાય છે.સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, વીર ગાર્ડિયન-૨૬ ભારત અને જાપાન વચ્ચે વધતી જતી વ્યૂહાત્મક ભાગીદારીને પ્રતિબિંબિત કરે છે. આ કવાયત બંને દેશોની વ્યૂહાત્મક કુશળતા વધારવામાં અને એરોસ્પેસ કામગીરીમાં વધુ સારા સંકલનને પ્રોત્સાહન આપવામાં મદદ કરશે. મંત્રાલયે જણાવ્યું હતું કે આ કવાયત બંને દેશો વચ્ચે લાંબા સમયથી ચાલતી મિત્રતા અને વ્યૂહાત્મક સહયોગને વધુ મજબૂત બનાવે છે.આઈએએફ એ એમ પણ જણાવ્યું હતું કે આ કવાયતનો હેતુ બંને દેશોના વાયુસેના વચ્ચે આંતર-કાર્યક્ષમતા, ઓપરેશનલ કોઓર્ડિનેશન અને પરસ્પર સમજણ સુધારવાનો છે.

જાપાન વાયુ સ્વ-રક્ષા દળે જણાવ્યું હતું કે આ કવાયતનો પ્રાથમિક ઉદ્દેશ્ય તેના એકમોની વ્યૂહાત્મક કુશળતા સુધારવા અને ભારતીય અને જાપાની વાયુસેના વચ્ચે પરસ્પર સમજણને વધુ ગાઢ બનાવવાનો છે. આનો અર્થ એ થયો કે વીર ગાર્ડિયન-૨૦૨૬ દ્વારા, બંને દેશોને એકબીજાની લડાઈ યુક્તિઓ, કાર્યકારી પ્રક્રિયાઓ અને હવાઈ કામગીરીના અનુભવોને સમજવાની તક મળશે. એ નોંધવું જોઈએ કે જોધપુર એરફોર્સ સ્ટેશન ખાતે યોજાઈ રહેલી આ કવાયત એવા સમયે થઈ રહી છે જ્યારે ભારત અને જાપાન વચ્ચે સંરક્ષણ સહયોગ સતત મજબૂત થઈ રહ્યો છે.

## બુલેટ પર સવાર થઈ રાજકોટ કમિશનર ફિલ્ડમાં ઉતર્યા, રસ્તા પર થૂંકનાર પાસે જ સફાઈ કરાવી

રાજકોટ

રાજકોટ શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છતા મામલે કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ ઝુંબેશ વચ્ચે મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા પોતે બુલેટ પર સવાર થઈને ફિલ્ડમાં ઉતર્યા હતા. સોલિડ વેસ્ટ મેનેજમેન્ટની ટીમ સાથે તેમણે શહેરના વિવિધ વિસ્તારોમાં સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધર્યું હતું.કમિશનર જ્યુબિલી રોડ, લીમડા ચોક અને યાજ્ઞિક રોડ સહિતના વિસ્તારોમાં પહોંચ્યા હતા. આ દરમિયાન જાહેર રસ્તા પર થૂંકીને ગંદકી કરનાર એક નાગરિક સામે સ્થળ પર જ કાર્યવાહી કરવામાં આવી હતી. નાગરિકને જે સ્થળે થૂંકીને ગંદકી કરી હતી, એ જ સ્થળે તેની પાસે સફાઈ કરાવવામાં આવી હતી.કમિશનરની ફિલ્ડ મુલાકાત દરમિયાન જ્યુબિલી વિસ્તારમાં એક નાગરિક જાહેર રસ્તા પર થૂંકતો નજરે પડ્યો હતો. તુષાર સુમેરાએ તેને સ્થળ પર જ રોક્યો હતો. જાહેર જગ્યાને ગંદી કરવા અંગે નાગરિકને સમજ આપવામાં આવી હતી અને માત્ર દંડાત્મક કાર્યવાહી કરવાને બદલે જે જગ્યાએ ગંદકી



કરવામાં આવી હતી ત્યાં જ તેની પાસે સફાઈ કરાવવામાં આવી હતી. આ કાર્યવાહીનો હેતુ નાગરિકોને જાહેર સ્થળોની સ્વચ્છતા અંગે જવાબદારીનું ભાન કરાવવાનો હતો.મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટની ટીમ સાથે બુલેટ પર શહેરના રસ્તાઓ પર નીકળ્યા હતા. તેમણે જ્યુબિલી, લીમડા ચોક અને યાજ્ઞિક રોડ જેવા સતત વ્યસ્ત રહેતા વિસ્તારોમાં સફાઈ વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું હતું. કમિશનરે રોડ, ફૂટપાથ અને જાહેર જગ્યાઓની સ્થિતિ જાતે નિહાળી હતી. તેમની સાથે સફાઈ સુપરવાઈઝરો અને જીઉસ શાખાની ટીમ પણ હાજર રહી હતી. કમિશનરના સરપ્રાઈઝ ચેકિંગને કારણે સંબંધિત અધિકારીઓ અને કર્મચારીઓ પણ કામગીરીમાં સક્રિય બન્યા હતા.

જ્યુબિલી રોડ પર લારી-થડાવાળાઓ અને વેપારીઓને પણ સ્વચ્છતા જાળવવા માટે સૂચના આપવામાં આવી હતી. કમિશનરે વેપારીઓને સમજાવ્યું કે વેપાર કરીને રોજગારી મેળવવાની સાથે પોતાના વેપારના સ્થળની આસપાસ સ્વચ્છતા જાળવવાની જવાબદારી પણ તેમની છે. જે લારી કે વેપારીના સ્થળની આસપાસ કચરો જોવા મળ્યો હતો, ત્યાં વેપારીઓ પાસે જ કચરો સાફ કરાવવામાં આવ્યો હતો. સાથે જ ભવિષ્યમાં દુકાન કે લારીની આસપાસ વારંવાર કચરો જોવા મળશે અથવા ગ્રાહકો દ્વારા થતી ગંદકી અંગે બેદરકારી દાખવવામાં આવશે તો દંડાત્મક અને કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે તેવી ચેતવણી આપવામાં આવી હતી.સ્વચ્છતા ઝુંબેશ અંગે મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા એ જણાવ્યું હતું કે રાજકોટ મહાનગરપાલિકાના સફાઈ કર્મચારીઓ દિવસ-રાત મહેનત કરીને શહેરને સ્વચ્છ રાખે છે. તેમના જણાવ્યા મુજબ કેટલાક બેદરકાર નાગરિકો ક્ષણિક બેદરકારીથી રસ્તા પર કચરો ફેંકે છે અથવા જાહેરમાં થૂંકે છે. આવી વર્તણૂકને હવે ચલાવી લેવામાં આવશે નહીં. કમિશનરે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે 'મહાનગરપાલિકા સફાઈ કરશે અને નાગરિક ગંદકી કરશે' તેવી માનસિકતા સ્વીકારવામાં નહીં આવે. જાહેર રસ્તા અને ફૂટપાથ સૌની સામૂહિક મિલકત છે, તેથી તેને સ્વચ્છ રાખવાની જવાબદારી માત્ર મહાનગરપાલિકાની નહીં પરંતુ દરેક નાગરિકની પણ છે.મહાનગરપાલિકા દ્વારા આગામી દિવસોમાં પણ રાજકોટના અલગ-અલગ વિસ્તારોમાં સ્વચ્છતા અંગે સઘન ચેકિંગ હાથ ધરવામાં આવશે. જાહેરમાં કચરો ફેંકનારા, ગંદકી ફેલાવનારા અને રસ્તા પર થૂંકનારા લોકો સામે સ્પોટ એક્શન કરવાની સાથે જરૂરી કાયદાકીય કાર્યવાહી પણ કરવામાં આવશે.

## સહારનપુરમાં પંજાબ નેશનલ બેંકમાંથી ૧૭.૨૯ કરોડની નકલી ચલણી નોટો મેળવવાના સંબંધમાં બેંક કર્મચારીની ધરપકડ

લખના

ઉત્તર પ્રદેશના સહારનપુરમાં પંજાબ નેશનલ બેંકની કરન્સી ચેસ્ટમાંથી ૧૭.૨૯ કરોડની નકલી ચલણી નોટો મેળવવાના સંબંધમાં રાષ્ટ્રીય તપાસ એજન્સીએ એક બેંક કર્મચારીની ધરપકડ કરી છે. ધરપકડ કરાયેલ આરોપીની ઓળખ અમિત કુમાર તરીકે થઈ છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, અમિત કુમાર સહારનપુરમાં બેંકના કરન્સી ચેસ્ટના મેનેજર તરીકે પોસ્ટેડ હતા અને કેસ નોંધાયા પછીથી ફરાર હતા.એનઆઈએએ તેમની ધરપકડ કરી છે અને તપાસ આગળ ધપાવી છે.

એનઆઈએના જણાવ્યા અનુસાર, ૨૬ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ, સહારનપુર જિલ્લાના સદર બજાર પોલીસ સ્ટેશનને પંજાબ નેશનલ બેંકના કરન્સી ચેસ્ટમાંથી ૧૭.૨૯ કરોડની નકલી ભારતીય ચલણી નોટો મળી હોવાની માહિતી મળી હતી. ત્યારબાદ, ઉત્તર પ્રદેશ પોલીસે કેસ નોંધ્યો હતો અને તપાસ શરૂ કરી હતી.

તપાસ દરમિયાન, ત્રણ બેંક કર્મચારીઓની કથિત સંડોવણી પ્રકાશમાં આવી હતી. તેમાં કરન્સી ચેસ્ટ મેનેજર અમિત કુમાર, સિનિયર ડિવિઝનલ મેનેજર રવિ કુમાર કાસે અને કરન્સી ચેસ્ટ મેનેજર સુશીલ શર્માનો સમાવેશ થાય છે. આ કેસમાં ત્રણેય કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

શરૂઆતમાં આ કેસ ઉત્તર પ્રદેશ પોલીસના નિયંત્રણ હેઠળ હતો, પરંતુ એનઆઈએએ ૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ તપાસ સંભાળી. ત્યારબાદ, કેન્દ્રીય એજન્સીએ તપાસ વધુ તીવ્ર બનાવી અને ફરાર આરોપી અમિત કુમારની ધરપકડ કરી.

એનઆઈએએ જણાવ્યું છે કે સમગ્ર ષડયંત્રનો પર્દાફાશ કરવા અને અન્ય સહ-આરોપીઓને પકડવા માટે તપાસ ચાલુ છે. એજન્સી એ નક્કી કરવાનો પ્રયાસ કરી રહી છે કે આટલી મોટી માત્રામાં નકલી નોટો કરન્સી ચેસ્ટમાં કેવી રીતે પહોંચી અને આ સમગ્ર નેટવર્કમાં કોણે ભૂમિકા ભજવી.

કરન્સી ચેસ્ટમાંથી ઈર્મે ના જયપુર કરન્સી ચેસ્ટમાં ૧૧.૫૦ કરોડ મોકલવામાં આવ્યા ત્યારે આ મામલો પ્રકાશમાં આવ્યો. ગણતરી દરમિયાન, આશરે ૪.૩૦ લાખ ગુમ થયા હોવાનું જાણવા મળ્યું. ત્યારબાદ, રિઝર્વ બેંકે તપાસ શરૂ કરી. તપાસમાં બહાર આવ્યું કે પાર્ટ-ટાઈમ હાઉસકીપર વિશાલ કુમાર કથિત રીતે નોટોના બંડલમાંથી પૈસા કાઢવામાં સામેલ હતો. સીસીટીવી ફૂટેજ પણ તપાસનો એક ભાગ છે. તેની સામે ચોરીનો કેસ નોંધવામાં આવ્યો છે. તે જ સમયે, નકલી ચલણ કેસમાં ત્રણ બેંક મેનેજરો સામે પણ કેસ નોંધવામાં આવ્યો હતો અને બેંક દ્વારા તેમના સસ્પેન્શનની માહિતી આપવામાં આવી હતી.

## વરસાદની અછત વચ્ચે ગુજરાતના ખેડૂતોને મોટી રાહતઃ રાજ્ય સરકાર દરરોજ ૨ કલાક વધારાની વીજળી આપશે

ગાંધીનગર

રાજ્યમાં વરસાદ ખેંચાવાના કારણે વીજળીની માંગમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે, જેને લઈને રાજ્યના ઊર્જા મંત્રીએ કૃષિ ક્ષેત્ર માટે મહત્વનું નિવેદન આપ્યું છે. વરસાદની અછતના કારણે રાજ્યના ઘણા જિલ્લાઓમાં ખેડૂતોને સિંચાઈ માટે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, સરકારે ખેડૂતોના હિતમાં ૨ કલાક વધારાની વીજળી આપવાનો નિર્ણય કર્યો છે; જેના પરિણામે હવે કૃષિ માટે ૮ કલાકના બદલે ૧૦ કલાક વીજળી અપાશે.

ઊર્જા મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, જેમ જેમ ખેડૂતો તરફથી નવી માંગણીઓ આવી રહી છે, તેમ તેમ વધારાની વીજળી પૂરી પાડવા અંગે સત્વરે નિર્ણય લેવાઈ રહ્યા છે. આ ઉપરાંત, વરસાદ ખેંચાવાથી ઊભી થયેલી ઘાસચારાની અછતની ગંભીર સ્થિતિને પહોંચી વળવા માટે પણ સરકાર દ્વારા જરૂરી પગલાંઓ લેવામાં આવ્યા છે. ઉર્જા મંત્રીના જણાવ્યા અનુસાર, વરસાદ લંબાવવાના કારણે પૂરતું પાણી પૂરું પાડવા માટે સરકારે કૃષિ ક્ષેત્રે આપવામા આવતી વીજળીના સમયમાં વધારો કર્યો છે. હવે ખેડૂતોને નિયમિત ૮ કલાકના બદલે દરરોજ ૧૦ કલાક વીજળી આપવામાં આવશે. આ ૨ કલાકની વધારાની વીજળી મળવાથી પાકને બચાવવામાં ખેડૂતોને મોટી રાહત મળશે.

સરકાર દ્વારા પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે. રાજ્યમાં જેવા વિવિધ વિસ્તારો અને જિલ્લાઓમાંથી વીજળીની માગણી આવી રહી છે, તે મુજબ વધારાનો પુરવઠો પૂરો પાડવા ત્વરિત નિર્ણયો લેવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત, વરસાદની અછતના કારણે ઊભી થનારી ઘાસચારાની સમસ્યા સામે પણ પશુપાલકોની સહાય અર્થે જરૂરી તમામ તકેદારીના પગલાંઓ લેવામાં આવ્યા છે.

**નામ બદલેલ છે.**

મારું જૂનું નામ KALANDER ARBAZ AIYUB હતું.જે બદલીને મારું નવું નામ KALANDAR ARBAZ AIYUB કરેલ છે.

સરનામું : વાલી ફળિયા નં.1, પોલન બજાર,ગોધરા,પંચમહાલ,ગુજરાત - 389001.

# બોડેલીના સરપંચોએ ૧૬મા નાણાપંચની નવી ગાઈડલાઈનનો વિરોધ ડી.ડી.ઓ.ને આવેદન આપ્યું



બોડેલી, છોટાઉદેપુર જીલ્લાના બોડેલી તાલુકામાં ૧૬મા નાણાપંચની નવી ગાઈડલાઈન સામે સરપંચ સંઘે સખત વિરોધ નોંધાવ્યો છે. બોડેલી તાલુકા સરપંચ સંઘના પ્રમુખ ભગત ચિરાગકુમાર મુકેશભાઈ (વાલપરી જૂથ ગ્રામ પંચાયત)ની આગેવાનીમાં સરપંચોએ છોટાઉદેપુરના જીલ્લા વિકાસ અધિકારી (DDO)ને આવેદનપત્ર આપ્યું છે. તેમણે નવી ગાઈડલાઈનમાં તાત્કાલિક સુધારો કરવાની માગ કરી છે.

સરપંચ સંઘનો આક્ષેપ છે કે પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગે ૧૬મા નાણાપંચ અંગે જે નવો ઠરાવ બહાર પાડ્યો છે, તે મુજબ તાલુકા અને જીલ્લા કક્ષાના આયોજનમાં ફરજીયાતપણે રૂ.૬ લાખથી વધુના કામો લેવાની જોગવાઈ કરાઈ છે.

સરપંચોનું કહેવું છે કે, ગ્રામ પંચાયતોમાં રૂ.૫ લાખથી વધુના કામો માટે ટેન્ડર પ્રક્રિયા ફરજીયાત છે. નવી ગાઈડલાઈનથી વિકાસ કામોની પ્રક્રિયા લાંબી બનશે. તેનાથી ગામડાના નાના અને જરૂરી કામો સમયસર પૂરા નહીં થઈ શકે. તેમને ભય છે કે આનાથી ગ્રામ પંચાયતોની સત્તા મર્યાદિત થશે અને વિકાસ કામોની ગુણવત્તા પર પણ અસર પડશે.

સરપંચ સંઘની મુખ્ય માગણીઓ આ મુજબ છેઃ

૧. તાલુકા અને જીલ્લા સમિતિના આયોજન માટે ૧૫મા નાણાપંચની ગાઈડલાઈન ચાલુ રાખવામાં આવે.

૨. ગ્રામ પંચાયતની હાલની રૂ.૫ લાખની કામ કરવાની સત્તા મર્યાદા વધારીને રૂ.૧૦ લાખ કરવામાં આવે.

૩. રૂ.૧૦ લાખ સુધીના કામો માટે સરળ પ્રક્રિયા રાખવામાં આવે, જેથી ટેન્ડર પ્રક્રિયાનો ખર્ચ અને સમય બચી શકે.

૪. ગામડાના આંતરિક રસ્તાઓ અને પાવર બ્લોક પાછળ અનટાઈડ ગ્રાન્ટમાંથી ખર્ચ કરવાની ૨૦ ટકાની મર્યાદા રદ કરવામાં આવે.સરપંચ સંઘે કહ્યું કે, નવા ઠરાવના કારણે ગામડાનો વિકાસ અટકી જશે અને પંચાયતોની સત્તા છીનવાઈ રહી છે. જો ગ્રામ પંચાયતની સત્તા મર્યાદા રૂ.૫ લાખથી વધારીને રૂ.૧૦ લાખ કરવામાં આવે અથવા ૧૫મા નાણાપંચ મુજબના જૂના નિયમો જાળવી રાખવામાં આવે, તો ગામડાઓમાં ઝડપી અને સારા વિકાસ કામો થઈ શકશે.

# સાવડી તાલુકામાં વરસાદ નથી અને વીજપુરવઠાના અભાવે ૨૦૦ એકર પાક સુકવવાના આરે



વરસાદ ખેંચાયો છે, વીજ પ્રશ્નો પણ હલ થતા નથી, છોડ સૂકાઈ રહ્યા છે વરસાદ ખેંચાઈ ગયો છે. અમારે વીજ ટીસી છે પણ ખેતીનો વીજ પાવર આવતો નથી. રજૂઆત બાદ પણ પ્રશ્નો હલ કરાતા નથી. ખેતરમાં કપાસના છોડ સૂકાઈ રહ્યા છે. પાણી વગર કરવાનું શું? મધ્ય ગુજરાત વીજ કંપનીએ ધ્યાન આપવું જોઈએ. મોંઘુ બિયારણ, ખેત મજૂરી બધુ કર્યું હવે કરવાનું શું?

:– રાજેશ ભીલ, ખેડૂત, આકોના.–:

વરસાદ પડતો નથી, દુષ્કાળગ્રસ્ત વિસ્તાર જાહેર કરો ખેતી ઉપર જ અમારૂં જીવન છે. હાલમાં વરસાદ પડતો નથી. જીઈબીમાં રજૂઆત કર્યા બાદ પણ વીજ પ્રશ્નો હલ કરવામાં આવતા નથી, કરવાનું શું? કોઈ તો ધ્યાન આપવું જોઈએ ને. વરસાદ વગર હવે ખેતી નિષ્ફળ થશે. પાણીની જરૂર છે એટલે કરવાનું શું? ગામે ગામ ખેડૂતોની આ હાલત છે.

:– અનિલ પરમાર, ખેડૂત, આકોના.–:

નસવાડી, છોટાઉદેપુર જીલ્લાના નસવાડી તાલુકાના આકોના ગામના ખેડૂતો હાલ બેવડી મુશ્કેલીમાં મુકાયા છે. એક તરફ એક મહિનાથી વરસાદે ખેંચાણ કર્યું છે, તો બીજી તરફ ખેતી માટે જરૂરી વીજળી પણ મળતી નથી. જેના કારણે અંદાજીત ૨૦૦ એકર જેટલો ખેતી પાક નુકસાન થવાના આરે આવી ગયો છે.

મળતી માહિતી મુજબ, આકોના ગામમાં છેલ્લા એક મહિનાથી વરસાદ પડ્યો નથી. ચોમાસુ પાક જેવા કે કપાસ, મકાઈ, તુવેર અને શાકભાજીના પાકને હાલ પાણીની સખત જરૂર છે. વરસાદ ખેંચાતા પાક કરમાવા લાગ્યો છે. ખેડૂતો આકાશ સામે મીટ માંડીને વરસાદની રાહ જોઈ રહ્યા છે, પરંતુ વરસાદ વરસતો નથી.

ત્યારે બીજી તરફ, જેઓ પાસે કૂવા કે બોરવેલની સગવડ છે, તેઓ વીજળીથી પિયત કરવા માંગે છે, પરંતુ એમજીવીસીએલ દ્વારા પૂરતો વીજ પુરવઠો અપાતો નથી. ખેડૂતો દ્વારા ૧૦ દિવસ પહેલાં એમજીવીસીએલ કચેરીમાં લેખિત અરજી અપાઈ હતી. છતાં આજ દિન સુધી તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરાઈ નથી.

ખેતી વીજ પ્રશ્નો હલ ન થતાં ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ખેડૂતોની માંગ છે કે તંત્ર તાત્કાલિક ધોરણે આ પ્રશ્નોનું નિરાકરણ લાવે અને ખેતી માટે દિવસે ૮ કલાક પૂરતા વોલ્ટેજ સાથે વીજળી આપે. જો સમયસર વીજળી નહીં મળે તો ખેડૂતો આંદોલનની ચીમકી પણ આપી રહ્યા છે.

એક તરફ કુદરત રૂઠી છે અને બીજી તરફ તંત્રની બેદરકારીથી અન્નદાતા મુશ્કેલીમાં મૂકાયો છે. સરકાર ખેડૂતલક્ષી વાતો કરે છે, પરંતુ જમીની સ્તરે ખેડૂતોને હાલાકી પડી રહી છે તે બાબતે જીલ્લાના ઉચ્ચ અધિકારીઓ અને એમજીવીસીએલના ઈજનેરો ધ્યાન આપે તેવી માંગ ઉઠી છે.

# સંખેડામાં ગ્રામસેવકોનું કાળી પટ્ટી ધારણ કરી વિરોધ પ્રદર્શન



સંખેડા, સંખેડા તાલુકા પંચાયત કચેરી ખાતે ખેતીવાડી શાખાના ગ્રામસેવકોએ સરકાર સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. ગુજરાત રાજ્ય ગ્રામસેવક મહામંડળના આદેશથી તેઓએ પડતર પ્રશ્નોના ઉકેલ માટે આ પ્રદર્શન યોજ્યું હતું. આજે ૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ ગ્રામસેવકોએ કાળી પટ્ટી ધારણ કરી હતી. તેમની વિવિધ માંગણીઓ દર્શાવતા પોસ્ટરો પણ પ્રદર્શનમાં જોવા મળ્યા હતા. વિરોધ પ્રદર્શન દરમિયાન પણ ગ્રામસેવકોએ પોતાની ફરજ ચાલુ રાખી હતી.

# બાલાસિનોરમાં બારે ગામ લીંબચ વાળંદ સમાજના શ્રી લીંબચ ધામ મંદિરનું ભવ્ય ખાતમુહૂર્ત



બાલાસિનોર, બાલાસિનોરમાં બારે ગામ લીંબચ વાળંદ સમાજ દ્વારા સમાજની આસ્થા અને એકતાના પ્રતીક સમાન શ્રી લીંબચ ધામ મંદિરના નવ નિર્માણ પામનાર ભવ્ય મંદિરનું ખાતમુહૂર્ત ધાર્મિક માહોલ વચ્ચે યોજાયું હતું. આ પાવન પ્રસંગે સમાજના વડીલો, ભાઈઓ-બહેનો સહિત મોટી સંખ્યામાં જ્ઞાતિબંધુઓ ઉપસ્થિત રહ્યા હતા.મંદિરના ખાતમુહૂર્ત પ્રસંગે સમાજના આગેવાનો અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં ધાર્મિક વિધિ સંપન્ન કરવામાં આવી હતી. આ પ્રસંગ સમાજ માટે ઐતિહાસિક અને યાદગાર બની રહ્યો હતો.આ પ્રસંગે બપોરે ૧૨ વાગ્યે બારે ગામ લીંબચ વાળંદ સમાજની દ્વિતીય માહિતી પુસ્તિકાનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું. પુસ્તિકાના વિમોચન સાથે સમાજની પ્રવૃત્તિઓ, સંગઠન અને સામાજીક એકતાને વધુ મજબૂત બનાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.કાર્યક્રમમાં અમૂલના ડિરેકટર અને પૂર્વ ધારાસભ્ય રાજેશભાઈ (પપ્પુભાઈ) પાઠક, નગરપાલિકા પ્રમુખ ગાયત્રીબેન ત્રિવેદી, કારોબારી સદસ્ય પરષોત્તમભાઈ કટારીયા, દિનેશભાઈ પટેલ, હિતેષભાઈ ભરવાડ, કેયુરભાઈ પટેલ તેમજ બાલાસિનોર શહેર ભાજપ પ્રમુખ ભાવેશ માનવાણી સહિતના આગેવાનો અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. શ્રી લીંબચ ધામ મંદિરના ભવ્ય નિર્માણને લઈને સમાજમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. સમાજના આગેવાનો દ્વારા મંદિર નિર્માણને માત્ર ધાર્મિક આસ્થાનું કેન્દ્ર નહીં, પરંતુ આવનારી પેઢીઓ માટે સમાજની એકતા, સંસ્કાર અને સંગઠનનું કેન્દ્ર બનાવવાનો સંકલ્પ વ્યકત કરવામાં આવ્યો હતો.ખાતમુહૂર્ત પ્રસંગે મોટી સંખ્યામાં જ્ઞાતિબંધુઓની ઉપસ્થિતિએ સમાજની સંગઠિત શક્તિનું દર્શન કરાવ્યું હતું.

# પુનિયાવાંટ એકલવ્ય સ્કૂલના શિક્ષકની અડધા ક્ષત્રમાં બદલી જતાં વિદ્યાર્થીઓએ શિક્ષણનો બહિષ્કાર કર્યો



છોટા ઉદેપુર, છોટાઉદેપુર જીલ્લાના પુનિયાવાંટ કેમ્પસમાં આવેલી એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલના ધોરણ ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓએ બાયોલોજીના શિક્ષકની અચાનક બદલી થતાં શિક્ષણનો બહિષ્કાર કર્યો છે. શૈક્ષણિક વર્ષનું અડધું સત્ર પૂર્ણ થવાના આરે છે. ત્યારે જ પ્રિય શિક્ષકની બદલી કરાતાં વિદ્યાર્થીઓ મૂંઝવણમાં મુકાયા છે. વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓએ છોટાઉદેપુર પ્રાયોજના અધિકારીની રૂબરૂ મુલાકાત લઈને વિરોધ નોંધાવ્યો છે. જ્યાં સુધી જૂના શિક્ષકને પુનઃ લાવવામાં નહીં આવે ત્યાં સુધી શાળાએ ન જવાની ચીમકી પણ આપવામાં આવી છે.

– અડધા સત્રમાં બદલીથી અભ્યાસ બગડવાની ભીતિ : પુનિયાવાંટ સ્થિત શાળામાં બદલી પામેલા શિક્ષક લાંબા સમયથી સનિષ્ઠ સેવા આપી રહ્યા હતા. ૧૨ સાયન્સમાં અભ્યાસ કરતા ૧૭ વિદ્યાર્થીઓ તેમની સરળ શિક્ષણ પદ્ધતિથી ટેવાયેલા હતા. મદય સત્રમાં નવા શિક્ષક આવવાથી બોર્ડની પરીક્ષાની તૈયારીઓ અને પરિણામ પર વિપરીત અસર પડવાની ચિંતા વિદ્યાર્થીઓ સેવી રહ્યા છે. નવા શિક્ષકની ભણાવવાની શૈલી અનુકૂળ આવશે કે કેમ તે અંગે પણ ક્ષોભ વ્યાપ્યો છે.તંત્રના આશ્વાસન છતાં માંગણી પર અડગ : વિદ્યાર્થીઓ અને વાલીઓએ પ્રાયોજના અધિકારી સમક્ષ પોતાની રજૂઆત કરી હતી. અધિકારીએ વાલીઓ અને વિદ્યાર્થીઓને સમજાવીને નવા શિક્ષકને થોડા દિવસ માટે અજમાવી જોવા સૂચન કર્યું હતું. જોકે, વિદ્યાર્થીઓ અને વાલીઓએ આ પ્રસ્તાવ અસ્વીકાર્ય ગણાવ્યો હતો. વાલીઓએ બાળકોના ભવિષ્યનો સવાલ હોવાનું જણાવીને વિદ્યાર્થીઓના નિર્ણયને સંપૂર્ણ સમર્થન જાહેર કર્યું છે.

શિક્ષણ બહિષ્કારથી શૈક્ષણિક કાર્ય ઠપ : આ મુદ્દે તંત્ર દ્વારા વાલીઓ અને વિદ્યાર્થીઓને મનાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. બીજી તરફ, વિદ્યાર્થીઓ પોતાના ભવિષ્ય સાથે ચેડાં થઈ રહ્યા હોવાનો આક્ષેપ કરી રહ્યા છે. જૂના શિક્ષકની પુનઃ નિયુક્તિ ન થાય ત્યાં સુધી વર્ગખંડમાં ન પ્રવેશવાનો મક્કમ નિર્ધાર વ્યક્ત કરાતાં શાળાનું શિક્ષણ કાર્ય અટવાયું છે.

# સંખેડાની કાપડિયા કોલેજમાં 'ગાંધીજીના આર્થિક વિચારો' પર નિબંધ સ્પર્ધા યોજાઈ



સંખેડા, કાપડિયા એન.એમ.એમ.એસ. આર્ટ્સ એન્ડ ધી એસ.એન.એસ. બેંક સાર્વ. કોમર્સ કોલેજ, સંખેડાના અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા ૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા અર્થશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓ માટે હતી.

આ નિબંધ સ્પર્ધાનો વિષય 'ગાંધીજીના આર્થિક વિચારો' હતો. સ્પર્ધામાં કોલેજના અર્થશાસ્ત્ર વિભાગના કુલ ૮ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆતમાં આચાર્યએ પ્રસંગને અનુરૂપ સંબોધન કર્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અર્થશાસ્ત્રના પ્રાધ્યાપિકા ડો. કવિતા જોશી દ્વારા કરવામાં આવ્યું હતું. નિર્ણાયક કમિટીમાં પ્રો. પરેશ પુરાણી અને ડો. રાકેશભાઈ રમેશભાઈ વણકરસાધુનો સમાવેશ થતો હતો, જેમણે સ્પર્ધાનું સફળતાપૂર્વક મૂલ્યાંકન કર્યું હતું.

# નસવાડી APMCની ૧૦ બેઠકો માટે ૫૩૩ મતદારો એ મતદાન કર્યું : આજે પરિણામ જાહેર થશે

છોટા ઉદેપુર, છોટા ઉદેપુર જીલ્લાના નસવાડી APMC ની ચૂંટણી યોજાઈ રહી છે. ખેડૂત વિભાગની ૧૦ બેઠકો માટે કુલ ૨૦ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. આ ચૂંટણીમાં કુલ ૫૩૩ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને ડિરેક્ટરોની પસંદગી કરશે. આજે બપોર સુધી મતદાન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ આવતીકાલે મતગણાતરી હાથ ધરાશે.

– બિનહરીફ સભ્યો અને ખાલી બેઠકો : નસવાડી APMCનું બોર્ડ કુલ ૧૬ સભ્યોનું છે. જેમાંથી અગાઉ જ ખરીદ–વેચાણ સંઘ અને મંડળીઓના ૨ સભ્યો તેમજ વેપારી વિભાગના ૨ સભ્યો બિનહરીફ જાહેર થઈ ચૂક્યા છે. વેપારી વિભાગની કુલ ૪ બેઠકોમાંથી ૨ ઉમેદવારો જ લાયક ઠરતાં તેમને બિનહરીફ જાહેર કરાયા હતા. બાકીની ૨ બેઠકો માટે નિયમ મુજબ ત્રણ વર્ષ સુધી રૂ.૫૦ હજારની શેષ ન ભરાઈ હોવાથી કોઈ વેપારી લાયક ઠર્યા ન હતા, જેથી તે બેઠકો ખાલી રહેશે.

# ડીડીઓ હિરેન બારોટ દ્વારા પાંચવાડા પ્રા. આરોગ્ય કેન્દ્રની સરપ્રાઈઝ મુલાકાતઃ દર્દીઓ સાથે સીધો સંવાદ કરી મેળવી કામગીરીની માહિતી

ગરબાડા, ગરબાડા તાલુકાના પાંચવાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC) ખાતે જીલ્લા વિકાસ અધિકારી (DDO) હિરેન બારોટ દ્વારા ખાસ મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે આરોગ્ય કેન્દ્રમાં અપાતી દૈનિક સેવાઓ અને સરકારી આરોગ્ય યોજનાઓના અમલીકરણનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરી જરૂરી સમીક્ષા કરી હતી.

મુલાકાત દરમિયાન ઉઉઘ હિરેન બારોટે OPD તેમજ IPD વિભાગમાં દાખલ દર્દીઓની રૂબરૂ મુલાકાત લીધી હતી. તેમણે દર્દીઓ સાથે સીધો સંવાદ સાધીને મળતી સારવાર, દવાની ઉપલબ્ધતા અને આરોગ્ય સેવાઓની ગુણવત્તા અંગે પ્રતિભાવો મેળવ્યા હતા. તેમણે ઉપસ્થિત સ્ટાફને દર્દીઓને સમયસર, સરળ અને ગુણવત્તાયુક્ત સેવાઓ મળી રહે તે સુનિશ્ચિત કરવા કડક સૂચના આપી હતી.

આ ઉપરાંત, તેમણે આરોગ્ય કેન્દ્રના તબીબી અધિકારી અને કર્મચારીઓ સાથે બેઠક યોજીને કામગીરીને વધુ અસરકારક, ઝડપી અને પ્રજાલક્ષી બનાવવા અંગે જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું. રાજ્ય સરકારની વિવિધ આરોગ્યલક્ષી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે તે માટે સમગ્ર સ્ટાફને સંકલન સાધીને કામ કરવા પર ભાર મૂક્યો હતો.

## આપની આજ.......

મેષઃ પારિવારિક અને આર્થિક બાબતોમાં ચાલતી સમસ્યાઓ ઉકેલાશે અને આજીવિકાના ક્ષેત્રે નવા પ્રયત્નો પ્રગટશે. તમને વ્યવસાયમાં મોટી તક મળી શકે છે અને ગૌણ કર્મચારીઓનો આદર અને ટેકો પણ પૂરતો રહેશે.

વૃષભઃ ભાગીદારીમાં થઈ રહેલા કામથી લાભની સ્થિતિ ઊભી થશે. વિવાહિત જીવનમાં ઘણા દિવસોની સમસ્યા સમાપ્ત થઈ જશે અને તમે તહેવારની ખરીદી માટે પણ જઈ શકો છો.

મિથુનઃ સવારે ધાર્મિક યાત્રા પર જવાની યોજના હશે, પણ આકસ્મિક અન્ય કામ દ્વારા રદ કરી શકાય છે. રાજકીય દિશામાં કરવામાં આવેલા પ્રયત્નો સાર્થક સાબિત થશે અને લોકોનો ટેકો મનને આનંદ કરશે.

કર્કઃ આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ક્ષેત્રમાં સખત મહેનત અને ધૈર્યથી તમને બધી સમસ્યાઓમાંથી મુક્તિ મળશે. પ્રતિકૂળતામાં નિર્ણય લેવાની ક્ષમતાનો વિકાસ થશે.

સિંહઃ વ્યાવસાયિક સહયોગીઓ તમારી પાસેથી સલાહ અને માર્ગદર્શન પ્રાપ્ત કરશે, માન-સન્માન વધશે. આજે તમારું મન સરળ અને સાત્વિક કાર્યો છોડી શકે છે અને ઝડપથી અનિયંત્રિત વલણો તરફ આકર્ષિત થઈ શકે છે.

કન્યાઃ રોજગાર મેળવવા માગતા યુવાનોને નવી તક મળશે. તમારો પ્રોજેક્ટ કાર્યક્ષેત્રમાં પૂર્ણ થશે, તે જોઈને વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. વિદેશમાં રહેતા સ્વજનો તરફથી સારા સમાચાર પ્રાપ્ત થશે.

તુલાઃ કુટુંબનું વાતાવરણ શાંતિપૂર્ણ રહેશે અને આનંદદાયક સમાચાર મળતાં તમામ સભ્યોની ખુશી વધશે. તહેવાર પહેલા અટકેલા પૈસા મળશે અને હાથમાં પૂરતા પૈસા હોવાનો આનંદ મળશે.

વૃશ્ચિકઃ દુકાનદારો માટે આ સમયે વ્યસ્તતા વધુ રહેશે, તેના કારણે તમે પરિવાર તરફ ઓછું ધ્યાન આપી શકશો. આર્થિક સ્થિતિમાં સુધારો થશે અને ફંડ પણ વધશે. વિદ્યાર્થીઓને શિક્ષણ અને સ્પર્ધામાં વિશેષ સફળતા મળશે.

ધનઃ વ્યવસાય સંબંધિત યોજનાઓ માટે નિષ્ણાતની સલાહ મદદરૂપ થશે. ભાગ્ય તમને સાથ આપશે અને દરેક ક્ષેત્રમાં સફળતા મળશે. કાયદાકીય સંબંધિત બાબતોમાં મન જીતીને ખુશ રહેશે.

મકરઃ આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. પરિવારનું વાતાવરણ આનંદદાયક રહેશે અને તહેવારની તૈયારીઓ વચ્ચે વાનગીનો આનંદ માણશો. તમારો વિસ્તાર પણ વધશે.

કુંભઃ ક્ષેત્રમાં અધિકારીઓ સાથે સંબંધ સુધરશે, પરંતુ તમારે ગુપ્ત શત્રુઓથી સંભાળીને કામ કરવું પડશે. ઘરની જરૂરી અને કિંમતી ચીજોની સંભાળ રાખો, નહીં તો ખોવાઈ જવાનો ડર રહેશે.

મીનઃ વ્યવસાય સંબંધિત યોજનાઓ સફળ થશે અને લાભ આપવાનું શરૂ કરશે. સંતાન પક્ષની પ્રગતિથી મન પ્રસન્ન રહેશે. ગીચ સ્થાનોને ટાળો અને જો જરૂરી હોય તો સલામતી સાથે જાઓ.

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં**

કેસ.નં.૫૬૭/૨૦૨૬ તા.૩૧/૦૮/૨૦૨૬

અરજદારઃ ડામોર સીમાબેન મંગળીયાભાઈ રહે. જુનાપાણી, તા.જિ.દાહોદ

વિરુદ્ધ

સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, જુનાપાણી, તા.જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી ડામોર સીમાબેન મંગળીયાભાઈ ના પુત્ર નામે ડામોર મસુલભાઈ મંગળીયાભાઈ જન્મ તા.૦૩/૦૩/૧૯૮૯ના રોજ જુનાપાણી, તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રનો જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, જુનાપાણી, તા.જિ.દાહોદ ના જન્મ–મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રનો જન્મના દાખલાની જરુરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નંઃ૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી,જુનાપાણી, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિધ્ધ કરવી.આજ તારીખઃ ૩૧ માંહે : ઓગસ્ટ–૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

–સહી–

કોર્ટનો સિક્કો (પી.બી.ગોહિલ)એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

**મે. એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.સંજેલી**

મરણ નોધ : પરચુરણ અરજી નં. ૩૫/૨૦૨૬ ન.વશી/૩૫/૨૦૨૬ , તા.૧૨/૦૮/૨૦૨૬

અરજદાર– શ્રી બારીઆ કાળુભાઈ વીરસીંગભાઈ, રહે.ચમારીયા,તા.સંજેલી, જી.દાહોદ

વિરૂદ્ધ

સામાવાળા–તલાટી કમ મંત્રીશ્રી,ચમારીયા, તા.સંજેલી, જી.દાહોદ

આથી જાહેર જનતાને તેમજ લગતા વળગતા હીત ધરાવતા તમામ ઈસમોને આ જાહેર નોટીસ થી જાણ કરવામાં આવે છે કે,ઉપરોકત વિષયના અરજદાર શ્રી બારીઆ કાળુભાઈ વીરસીંગભાઈ રહે.ચમારીયા,તા.સંજેલી, જી.દાહોદનાઓએ તેમના માતા નામે બારીઆ ભુરીબેન વીરસીંગભાઈની મરણ તા.૦૩/૦૨/૨૦૦૬ નારોજ મુ.ચમારીયા, તા.સંજેલી, જી.દાહોદ ખાતે થયેલ છે.જેની મરણની નોંધ ગ્રામ પંચાયત ચમારીયા ખાતે કરવાની રહી ગયેલ છે તો આ કામના સામાવાળાના નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધા હરકત સરખું હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટ ખાતે હાજર રહેવા મુદત તા–૨૭/૦૮/ ૨૦૨૬ ના રોજ સવારના ૧૧:૦૦ કલાકે રાખેલ છે.તો વાંધો તકરાર સાથે હાજર રહેવું,અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તારીખ–૨૭ માહે ઓગસ્ટ નારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સંજેલી

**મે. એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.સંજેલી**

જન્મ નોધ : પરચુરણ અરજી નં. ૧૫૭/૨૦૨૫ ન.વશી/ /૨૦૨૬ , તા.૨૪/૦૨/૨૦૨૬

અરજદાર– શ્રી બામણીયા લીમ્બાભાઈ નાથાભાઈ, રહે.માંડલી,તા.સંજેલી, જી.દાહોદ

વિરૂદ્ધ

સામાવાળા–તલાટી કમ મંત્રીશ્રી,માંડલી, તા.સંજેલી, જી.દાહોદ

આથી જાહેર જનતાને તેમજ લગતા વળગતા હીત ધરાવતા તમામ ઈસમોને આ જાહેર નોટીસ થી જાણ કરવામાં આવે છે કે,ઉપરોકત વિષયના અરજદાર શ્રી બામણીયા લીમ્બાભાઈ નાથાભાઈ, રહે.માંડલી,તા.સંજેલી, જી.દાહોદનાઓએ તેમના પિતા નામે બામણીયા નાથાભાઈ રંગાભાઈનો, જન્મ તા.૨૪/૦૫/૨૦૧૬ નારોજ મુ.માંડલી, તા.સંજેલી, જી.દાહોદ ખાતે થયેલ છે.જેની જન્મની નોંધ ગ્રામ પંચાયત માંડલી ખાતે કરવાની રહી ગયેલ છે તો આ કામના સામાવાળાના નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધા હરકત સરખું હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટ ખાતે હાજર રહેવા મુદત તા–૦૫/૦૩/ ૨૦૨૬ ના રોજ સવારના ૧૧:૦૦ કલાકે રાખેલ છે.તો વાંધો તકરાર સાથે હાજર રહેવું,અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તારીખ–૨૪ માહે ફેબ્રુઆરી નારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સંજેલી

**મે. એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.સંજેલી**

મરણ નોધ : પરચુરણ અરજી નં. /૨૦૨૬ ન.વશી/ /૨૦૨૬ , તા.૧૨/૦૮/૨૦૨૬

અરજદાર– શ્રી પલાસ ઉર્મિલાબેન મણિલાલ, રહે.નેનકી,તા.સંજેલી, જી.દાહોદ

વિરૂદ્ધ

સામાવાળા–તલાટી કમ મંત્રીશ્રી,નેનકી, તા.સંજેલી, જી.દાહોદ

આથી જાહેર જનતાને તેમજ લગતા વળગતા હીત ધરાવતા તમામ ઈસમોને આ જાહેર નોટીસ થી જાણ કરવામાં આવે છે કે,ઉપરોકત વિષયના અરજદાર શ્રી પલાસ ઉર્મિલાબેન મણિલાલ, રહે.નેનકી,તા.સંજેલી, જી.દાહોદનાઓએ તેમના પતિ નામે પલાસ મણિલાલ વાલજીભાઈનો, મરણ તા.૦૬/૦૬/૨૦૨૬ નારોજ મુ.નેનકી, તા.સંજેલી, જી.દાહોદ ખાતે થયેલ છે.જેની મરણની નોંધ ગ્રામ પંચાયત નેનકી ખાતે કરવાની રહી ગયેલ છે તો આ કામના સામાવાળાના નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધા હરકત સરખું હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટ ખાતે હાજર રહેવા મુદત તા–૨૭/૦૮/ ૨૦૨૬ ના રોજ સવારના ૧૧:૦૦ કલાકે રાખેલ છે.તો વાંધો તકરાર સાથે હાજર રહેવું,અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તારીખ–૨૭ માહે ઓગસ્ટ નારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સંજેલી

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# ગ્રામસેવકોના પડતર પ્રશ્નોને લઈ ઝાલોદ તાલુકા પંચાયતમાં કર્મચારીઓએ કાળી પટ્ટી ધારણ કરી

**અલ્ટિમેટમ છતાં માંગણીઓનું નિરાકરણ ન આવતા તબક્કાવાર આંદોલનનો પ્રારંભ, આગામી દિવસોમાં ઓનલાઈન કામગીરીના બહિષ્કારથી લઈ અચોક્કસ મુદતની હડતાળ સુધીના કાર્યક્રમો.**



**તબક્કાવાર આંદોલનનો કાર્યક્રમ.**

કાળી પટ્ટી બાદ ૧૦ સપ્ટેમ્બરે જીલ્લા કક્ષાએ આવેદનપત્ર, ૧૪ સપ્ટેમ્બરે તમામ સરકારી વોટ્સએપ ગ્રૂપમાંથી લેફ્ટ થવું, ૨૧ સપ્ટેમ્બરથી તમામ ઓનલાઈન કામગીરીનો બહિષ્કાર, ૨૫ સપ્ટેમ્બરે પેન ડાઉન, ૧ ઓક્ટોબરે માસ સીએલ અને ત્યારબાદ ૨ ઓક્ટોબરથી અચોક્કસ મુદતની હડતાળ કરવાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે.

મહામંડળે સરકાર અને વહીવટી તંત્રને કર્મચારીઓની માંગણીઓની ગંભીરતા સમજી તાત્કાલિક મહામંડળ સાથે સંવાદ સાધી પ્રશ્નોનું નિરાકરણ લાવવા અપીલ કરી છે. સાથે જ આંદોલન દરમિયાન કૃષિ અને ગ્રામ્ય ક્ષેત્રની કામગીરી પર થતી અસર અંગેની જવાબદારી સરકાર તથા સંબંધિત વહીવટી તંત્રની રહેશે તેમ જણાવ્યું છે.

ઝાલોદ,

ગુજરાત રાજ્ય ગ્રામસેવક મહામંડળ દ્વારા ગ્રામસેવક કેડરની વિવિધ પડતર માંગણીઓ અને પ્રશ્નોના નિરાકરણ માટે સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. અગાઉ આપવામાં આવેલા અલ્ટિમેટમની મુદત પૂર્ણ થવા છતાં પ્રશ્નોનું સંતોષકારક નિરાકરણ ન આવતા મહામંડળ દ્વારા તબક્કાવાર આંદોલનાત્મક કાર્યક્રમો જાહેર કરવામાં આવ્યા છે

આ આંદોલનના પ્રથમ તબક્કા અંતર્ગત ઝાલોદ તાલુકા પંચાયત ખાતે આજરોજ ગ્રામસેવક સહિતના કર્મચારીઓએ કાળી પટ્ટી ધારણ કરી વિરોધ નોંધાવ્યો હતો. કર્મચારીઓએ શાંતિપૂર્ણ અને લોકશાહી ઢબે પોતાની પડતર માંગણીઓ તરફ સરકારનું ધ્યાન દોર્યું હતું. મહામંડળના જણાવ્યા મુજબ ગ્રામસેવક કેડર ઉપર અન્ય કેડરના જોબચાર્ટની કામગીરીનું અનાવશ્યક દબાણ, ગ્રામસેવકોની વિષમ પરિસ્થિતિ તેમજ લાંબા સમયથી પડતર વિવિધ માંગણીઓના નિરાકરણ માટે સરકાર સાથે બેઠક યોજી હકારાત્મક નિર્ણય લેવા અગાઉ રજૂઆત કરવામાં આવી હતી. જોકે, અલ્ટિમેટમ પૂર્ણ થયા બાદ પણ સંબંધિત વિભાગ દ્વારા કોઈ સંતોષકારક નિર્ણય લેવામાં ન આવતા કર્મચારીઓમાં અસંતોષ જોવા મળી રહ્યો છે.

# દૂધિયા સામૂહિક આરોગ્ય કેન્દ્ર (CHC) ખાતે તબીબોની ગેરહાજરી અને દર્દીઓની રઝળપાટ



**ડોક્ટર ...**
આજે જાહેર રજા છે અને આજે મારી નોકરી નથી હું બહાર ગામ છું. ડૉ.અમિત નિનામા..

અમારા ગામ દુધિયા માં જે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આવેલ છે, ત્યાં અમે ગયા ત્યારે કોઈ ડોક્ટર હાજર ન હતા. ત્યાં હાજર સ્ટાફ દવારા જણાવવામાં આવ્યું કે, આજે રજા હોવાથી કોઈ નથી ફક્ત ઈમરજન્સી કેસ લેવામાં આવશે, પરંતુ ત્યાં કોઈ ડો. હાજર હતા જ નહિ તો ઈમરજન્સી કેશ કોણ લે, આ બાબત અવાર નવાર બને છે. ડોકટર સમય મુજબ આવતા નથી .
**દર્દી...**

લીમખેડા,

લીમખેડાના દૂધિયા ખાતે આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્ર (CHC) ખાતે જવાબદાર તબીબો (ડોક્ટરો) ફરજ પર હાજર ન રહેતા હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે આવતા ગરીબ અને સામાન્ય વર્ગના દર્દીઓને સમયસર ડોક્ટર ન મળતાં ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.

સ્થાનિક રહીશો અને હોસ્પિટલે પહોંચતા દર્દીઓના જણાવ્યા મુજબ, આરોગ્ય કેન્દ્રમાં નિયમ અનુસાર નિયત સમયે ડોક્ટરો હાજર રહેતા નથી. ઈમરજન્સી કેસ, સગર્ભા મહિલાઓ અને નાના બાળકોને સારવાર માટે કલાકો સુધી રાહ જોવી પડે છે અથવા ખાનગી હોસ્પિટલો તરફ જવાની ફરજ પડે છે.

આરોગ્ય ક્ષેત્રે સરકાર દ્વારા મોટી ગ્રાન્ટો અને સુવિધાઓ આપવામાં આવતી હોવા છતાં, દૂધિયા ઈઈઈ માં જવાબદાર તબીબોની બિનજવાબદાર નીતિ અને ગેરહાજરીના કારણે દર્દીઓનું આરોગ્ય જોખમમાં મુકાઈ રહ્યું છે.

આ અંગે સ્થાનિક નાગરિકો દ્વારા માગણી કરવામાં આવે છે કે આરોગ્ય કેન્દ્રમાં ડોક્ટરોની હાજરી નિયમિત અને સુનિશ્ચિત કરવામાં આવે. ફરજમાં બેદરકારી દાખવનાર તબીબો સામે કડક શિસ્તભંગના પગલાં લેવામાં આવે. બાયોમેટ્રિક હાજરી અને સરપ્રાઈઝ ચેકિંગની વ્યવસ્થા ઊભી કરવામાં આવે.

જો આગામી દિવસોમાં આ સમસ્યાનું કાયમી નિવારણ લાવવામાં નહીં આવે અને હોસ્પિટલમાં પૂરતી તબીબી સુવિધા પૂરી પાડવામાં નહીં આવે, તો સ્થાનિક પ્રજા દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે વિરોધ પ્રદર્શન કરવામાં આવશે

# દાહોદના ડોકી નજીક ST બસને અકસ્માત, રસ્તા વચ્ચે અચાનક ગાય આવી જતાં બની ઘટના, મુસાફરોનો બચાવ!



દાહોદ,

દાહોદ થી લુણાવાડા–પ્રાંતિજ જતી ST બસ અકસ્માતનો ભોગ બની; દાહોદ તાલુકાના ડોકી નજીક પૂરપાટ જતી બસની સામે અચાનક ગાય આવી જતા ચાલક ગાયને બચાવ કરવા જતા બસને અકસ્માત નડ્યો હતો. બસ રસ્તાની પાસે નાળાના ડિવાઈડર સાથે અથડાતા એસટી બસને નુકસાન થયું હતું. જોકે, સદનસીબે આ બનાવમાં કોઈ જાનહાની ને બની હતી. તેમજ બસમાં બેસેલા મુસાફરોનો પણ બચાવ થયો હતો. દાહોદ તાલુકાના ડોકી નજીક દાહોદથી લુણાવાડા–પ્રાંતિજ તરફ જઈ રહેલી બસને અકસ્માત નડતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

મળતી માહિતી મુજબ, બસ પોતાના રૂટ પર જઈ રહી હતી, તે દરમિયાન રસ્તાની વચ્ચે અચાનક ગાય આવી જતા બસના ચાલકે તેને બચાવવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન બસ અકસ્માતગ્રસ્ત બની હતી. અકસ્મતની ઘટનામાં સદનસીબે કોઈ જાનહાની થઈ ન હતી, જેના પગલે મુસાફરો અને સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો હતો. ઘટનાની જાણ થતાં દાહોદ રૂરલ પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને સમગ્ર મામલે જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. અકસ્માતને પગલે થોડા સમય માટે વાહનવ્યવહારને પણ અસર થઈ હોવાનું જાણવા મળે છે.

# લીમડીના મોઢીયાવાડમાં દરોડો પાડી મકાનમાંથી ૦.૭૮૦ કિલો ગાંજો ઝડપાયો, રૂ.૪૧,૫૦૦નો મુદ્દામાલ એસ.ઓ.જી.એ ઝડપ્યો



ઝાલોદ,

દાહોદ જીલ્લામાં નશીલા પદાર્થોની હેરાફેરી અને વેચાણ કરતા ઈસમો સામે પોલીસ દ્વારા સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે. ત્યારે દાહોદ SOGએ લીમડીના મોઢીયાવાડ વિસ્તારમાં દરોડો પાડી મકાન માંથી ગાંજાના જથ્થા સાથે એક ઈસમને ઝડપી પાડ્યો છે.

SOGને બાતમી મળી હતી કે, લીમડી મોઢીયાવાડમાં રહેતો જયેશકુમાર ભેરૂભાઈ સુથાર (ઉ.વ.૪૧) પોતાના કબજાના મકાનમાં ગાંજાનું વેચાણ કરે છે. બાતમીના આધારે SOG ટીમે પંચો સાથે રેડ કરી મકાનની તલાશી લેતા ૦.૭૮૦ કિલો ગાંજો કિંમત રૂ.૩૯ હજાર મળી આવ્યો હતો.

સ્થળ પર FSL અધિકારીને બોલાવી ગાંજાના જથ્થાનું પરીક્ષણ કરાવતા તે ગાંજો હોવાનું પ્રમાણિત થયું હતું. પોલીસે ગાંજાના જથ્થા ઉપરાંત બે મોબાઈલ ફોન કિંમત રૂ.૨,૫૦૦ મળી કુલ રૂ.૪૧,૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

આરોપી જયેશકુમાર સુથારને ઝડપી તેની સામે લીમડી પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. SOGની કાર્યવાહીથી નશીલા પદાર્થોનું વેચાણ કરતા ઈસમોમાં ફફડાટ ફેલાયો છે.

# દાહોદ ઈન્દોર –અમદાવદ હાઈવે પરપોલીસનું હાઈટેક નાઈટ પેટ્રોલિંગ, ૪૨૧૦ કિલોમીટરે પોલીસ સહાયતા કેન્દ્ર કાર્યરત

દાહોદ,

પીપલોદ થી ખંગેલા બોર્ડર સુધી ૬૫ કિમી વિસ્તારમાં સઘન ચકાસણી; થર્મલ ઈમેજિંગ અને નાઈટ વિઝન ડ્રોનથી ૮ કિમીના વિસ્તારમાં સતત સર્વેલન્સ! દાહોદ નજીકથી પસાર થતો બૈતુલ–અમદાવાદ નેશનલ હાઈવે ૪૭ હવે દેશનું સૌથી સુરક્ષિત હાઈવે બની ગયો હોય તેવું સામે આવી રહ્યું છે. ભૂતકાળમાં હાઈવે રોબરી તેમજ ધાડે લૂંટ જેવી ઘટનાઓથી પંકાયેલા આ હાઈવે પર સાંજ પડયા પછી નીકળવું ખૂબ જ મુશ્કેલ ભર્યો હતો. જોકે આ હાઈવે પરથી પસાર થતા વાહન ચાલકો સાથે કોઈ ઘટના ન બને અને તેઓ સુરક્ષિત રીતે મુસાફરી કરી શકે તે માટે વર્ષ ૨૦૧૭–૧૮માંદાહોદ એસપી તરીકે પદસ્થ હિતેશ જોયસર તેમજ લીમખેડા ડિવિઝનના તત્કાલીન કાનન દેસાઈ દ્વારા મધ્યપ્રદેશ ગુજરાતની ખંગેલા બોર્ડરથી સંતરોડ સુધીના ૬૫ કિલોમીટરના હાઈવે પર પોલીસ સહાયતા કેન્દ્ર ઉભા કરવામાં આવ્યા હતા. સાથે જ પોલીસ પેટ્રોલિંગ પણ વધારવામાં આવી હતી. જોકે બદલાતા સમયની સાથે અલગ અલગ સમયગાળા દરમિયાન ફરજ નિભાવવા આવેલા પોલીસ અધિકારીઓએ નવી માળખાકીય સુવિધા ઉભી કરી હતી. આજે છેલ્લા ચાર વર્ષ દરમિયાન એક પણ હાઈવે રોબરી કે અન્ય કોઈ પણ પ્રકારનો કાઈમ આ હાઈવે પર નોંધાયો નથી તેમ છતાં આજે પણ પોલીસ સહાયતા કેન્દ્ર કાર્યરત રાખવામાં આવ્યા છે.

દાહોદ–ઈન્દોર–અમદાવાદ હાઈવે પર સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બનાવવા દાહોદ પોલીસે રાત્રિના સમયે સઘન પેટ્રોલિંગ સાથે હાઈટેક ડ્રોન સર્વેલન્સ શરૂ કર્યું છે. જેમાં પીપલોદથી ખંગેલા બોર્ડર સુધીના ૬૫ કિમી લાંબા સમગ્ર હાઈવે વિસ્તારમાં પોલીસની ટીમ દ્વારા સતત ચકાસણી કરવામાં આવી નેશનલ હાઈવે દર ૧૦ કિલોમીટરે પોલીસો મદદ માટે તૈયાર, પોલીસનું ક્રોસ પેટ્રોલિંગ!

ખંગેલા બોર્ડરથી સંતરોડ સુધીના હાઈવેમાં બંને તરફ દર ૧૦કિલોમીટર પર પોલિસના કેન્દ્ર મુકવામાં આવ્યા છે. બંને તરફ ગોઠવણ કેવી રીતે કરવામાં આવી છે કે આમ જોવા જઈએ તો દર પાંચ કિલોમીટરે રોડની આ સાઈડ કે બીજી સાઈડ પર પોલીસ સહાયતા કેન્દ્ર મળી જાય છે. ખાસ કરીને રાત્રિના સમયે ડ્રોનની સાથે ક્રોસ પેટ્રોલિંગ કરવામાં આવે છે. રાત્રિ દરમિયાન કોઈ ગાડી ઉકેલી જોવાય છે, તો તેને ચેક કરવામાં આવે છે. પંચર પડ્યું હોય તો પોલીસ પંચર કરાવવા મદદ કરે છે પેટ્રોલ ખતમ થયું હોય તો પેટ્રોલ પંપ સુધી લઈ જવામાં મદદરૂપ થાય છે અને જો વાહન બગડેલું હોય તો તેને સલામત જગ્યા ખસેડવા માટે પણ પોલીસ મદદરૂપ થાય છે. આ ભ્રમગીરીમાં જીદ્ર, હોઈસહિત સ્થાનિક પાંચ પોલીસ સ્ટેશનની ટીમો જોડાઈ છે. રાત્રિના અંધકારમાં દેખરેખ રાખવા માટે થર્મલ વિત્ર કરવામાં આવી રહ્યો છે. આ ડ્રોન દ્વારા આશરે ૮ કિલોમીટરની ત્રિજ્યામાં રાખવામાં વી રહી છે. હાઈવેની આસપાસના ઝાડી–ઝાંખરા અંધારાવાળા વિસ્તારોમાં છુપાઈને લૂંટ સહિતની ગુનાહિત પ્રવૃત્તિ આચરતા શંકાસ્પદ ઈસમોની હિલચાલ પર પણ પોલીસની નજર છે. ડ્રોનથી મળતી માહિતીના આધારે ગ્રાઉન્ડ પર તૈનાત પોલીસ તાત્કાલિક કરવામાં આવે તેવી વ્યવસ્થા છે. સમગ્ર ગ્રાઉન્ડ પોલીસિંગનું સંકલન કરવામાં આવ્યું છે. ખાસ કરીને મુસાફરોની સુરક્ષા જળવાઈ રહે હિલચાલ સામે ઝડપી પ્રતિસાદ મળી શકે તે માટે પોલીસ દ્વારા પેટ્રોલિંગ વધુ સઘન બનાવાયું છે. દાહોદ પોલીસના આ હાઈટેક સર્વેલન્સ અને સતત નાઈટ પેટ્રોલિંગથી હાઈવે પર સુરક્ષા વ્યવસ્થા વધુ પણ સુરક્ષાની લાગણી વધવાની મજબૂત બનવાની અપેક્ષા છે.

# ઝાલોદના બાજરવાડા ગ્રામ પંચાયતનાસરપંચ જગુભાઈ સંગાડા પદ પરથી બરતરફ કરાયા



દાહોદ,

દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકાની બાજરવાડા ગ્રામ પંચાયતના સરપંચ જગુભાઈ રામજીભાઈ સંગાડાને સરકારી જમીન પર દબાણ અને પદના દુરૂપયોગના મામલે સરપંચ પદેથી દૂર કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. જીલ્લા વિકાસ અધિકારી હિરેન બારોટે ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની કલમ ૫૭(૧) હેઠળ આ કાર્યવાહી કરી છે. સાથે જ ગ્રામ પંચાયતનો ચાર્જ તાત્કાલિક ઉપસરપંચને સોંપવા પણ નિર્દેશ આપવામાં આવ્યો છે.

મળતી વિગતો મુજબ, ઝાલોદ તાલુકાના પાણીવેડ ગામના રમેશભાઈ વાગાભાઈ બારિયાએ ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ ગુજરાત તકેદારી આયોગમાં લેખિત ફરિયાદ કરી હતી. ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે બાજરવાડા ગામના રેવન્યુ સર્વે નંબર ૧૬૫ની સરકારી જમીન પર સરપંચ દ્વારા દબાણ કરવામાં આવ્યું છે.આ અંગેનો વિવાદ સિવિલ કોર્ટ તેમજ ગુજરાત હાઈકોર્ટમાં ચાલી રહ્યો છે. તપાસ દરમિયાન ખેતીલાયક ખુલ્લી જમીન પૈકી આશરે ૦–૪૦–૦૦ હેક્ટર વિસ્તારમાં ખેતી તથા૦–૨૦–૦૦ હેક્ટર વિસ્તારમાં રહેણાંક મકાન બનાવી દબાણ કરાયું હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ હતો.આ મામલે અગાઉ ૨૯ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ લેન્ડ ગ્રેબિંગ હેઠળ એફઆઈઆર પણ નોંધાઈ હતી. ત્યારબાદ વહીવટી તંત્ર દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. સુનાવણી દરમિયાન સરપંચ જગુભાઈ સંગાડાએ પોતાનો બચાવ રજૂ કરતાં જણાવ્યું હતું કે, જમીન તેમના વડવાઓના સમયથી ખેતી જમીન સરકારને પરત આપવા માટે પંચોની હાજરીમાં કબજા પાવતી આપવામાં આવી હતી. જોકે, આશરે ૦–૨૦–૦૦ હેક્ટર જમીન પર બનેલા રહેણાંક મકાનનું પાકું દબાણ દૂર કરવામાં આવ્યું ન હતું. આ અંગે ૬ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ યોજાયેલી ચોથી સુનાવણી દરમિયાન પણ રહેણાંક દબાણનો કબજો છોડવા અંગે અસંમતિ દર્શાવવામાં આવી હોવાનો આદેશમાં ઉલ્લેખ કરાયો છે.મામલતદારના અહેવાલ, ઉપલબ્ધ પુરાવાઓ તથા લાગુ કાયદાકીય જોગવાઈઓને ધ્યાને લઈ જીલ્લા વિકાસ અધિકારીએ સરપંચને પદ પર ચાલુ રાખવા યોગ્ય ન હોવાનું માન્યું હતું. સરકારી જમીન પર દબાણ કરવું અને સરપંચ તરીકેના પદ સાથે સુસંગત ન હોય તેવું વર્તન કરાયું હોવાનું નોંધતાં ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની કલમ ૫૭(૧) હેઠળ જગુભાઈ રામજીભાઈ સંગાડાને બાજરવાડા ગ્રામ પંચાયતના સરપંચ પદેથી દૂર કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત પંચાયતનો ચાર્જ તાત્કાલિક ઉપસરપંચને સોંપવા સૂચના આપવામાં આવી છે. આદેશની નકલો વિકાસ કમિશનર, દાહોદ જીલ્લા કલેક્ટર તથા મામલતદાર સહિતના સંબંધિત અધિકારીઓને મોકલી આગળની કાર્યવાહી કરવા જણાવાયું છે.

# પ્રકૃતિના સાનિધ્યમાં આધ્યાત્મિક સારવાર શિબિર પૂર્ણ, મોટી સંખ્યામાં લોકોએ લીધો દિવ્ય અનુભૂતિનો લાભ

**આચાર્ય શ્રી ગુરૂદેવ મોહનજીના માર્ગદર્શન હેઠળ યોજાયેલી મફત આધ્યાત્મિક સારવાર શિબિરમાં દર્દીઓ પોતાના તબીબી રેકોર્ડ સાથે ઉપસ્થિત રહ્યા.**



ઝાલોદ,

ઝાલોદના માંડલીખુટા રોડ પર આવેલા પ્રકૃતિના રમણીય સાનિદ્ય સમાન શ્રી પંચમુખી માંડલેશ્વર મહાદેવ મંદિર ખાતે તા. ૭ સપ્ટેમ્બરથી ૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન આચાર્ય શ્રી ગુરૂદેવ મોહનજીના માર્ગદર્શન હેઠળ યોજાયેલી મફત આધ્યાત્મિક સારવાર શિબિર આજે પૂર્ણ થઈ હતી. શિબિરમાં સવારે ૧૦થી બપોરે ૧૨ વાગ્યા સુધી દર્દીઓને આધ્યાત્મિક સારવારનો લાભ આપવામાં આવ્યો હતો.

શિબિરના આયોજકો દ્વારા જણાવ્યા મુજબ, આધ્યાત્મિક સારવાર પદ્ધતિ દ્વારા વિવિધ પ્રકારના રોગોથી પીડાતા લોકોને રાહત પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. શ્રદ્ધા, આસ્થા અને ગુરૂદેવના આશીર્વાદ સાથે યોજાયેલી આ શિબિરમાં ઉપસ્થિત લોકોએ આધ્યાત્મિક શાંતિ અને વિશ્વાસનો અનુભવ કર્યો હતો.

શિબિર દરમિયાન સમયનું ખાસ ધ્યાન રાખીને અનેક દર્દીઓ પોતાના અગાઉના તબીબી રિપોર્ટ, ડોક્ટરની ફાઈલ તથા સારવાર સંબંધિત દસ્તાવેજો સાથે ઉપસ્થિત રહ્યા હતા. મોટી સંખ્યામાં દર્દીઓ અને તેમના પરિવારજનો શિબિરમાં પહોંચતા મંદિર પરિસરમાં આધ્યાત્મિક વાતાવરણ સર્જાયું હતું.

ઝાલોદ નગરની પ્રકૃતિના સાનિદયમાં આવેલું શ્રી પંચમુખી માંડલેશ્વર મહાદેવ મંદિર પોતાની શાંતિપૂર્ણ અને આહલાદક પ્રકૃતિ માટે જાણીતું છે. મંદિર પરિસરમાં પગ મૂકતાં જ મનને શાંતિ અને આધ્યાત્મિકતાનો અનુભવ થાય તેવી અનુભૂતિ ઉપસ્થિત શ્રદ્ધાળુઓએ વ્યકત કરી હતી.

આ આધ્યાત્મિક સારવાર શિબિરનો લાભ લેવા તેમજ આચાર્ય શ્રી ગુરૂદેવ મોહનજીના આશીર્વાદ મેળવવા પૂર્વ સાંસદ બાબુભાઈ કટારા, પૂર્વ ધારાસભ્ય ભાવેશ કટારા, પંકજ અગ્રવાલ, ભરત શ્રીમાળી સહિતના આગેવાનો, ગ્રામજનો તથા નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

શિબિરમાં ઉપસ્થિત શ્રદ્ધાળુઓએ આ સમગ્ર આયોજનને માનવસેવા અને આધ્યાત્મિકતાના સંગમરૂપ ગણાવી, ગુરૂદેવ પ્રત્યેની આસ્થા અને વિશ્વાસ સાથે શાંતિપૂર્ણ વાતાવરણમાં મળેલી આ દિવ્ય અનુભૂતિનો લાભ લીધો હતો.

# સમગ્ર ગુજરાત માટે પ્રેરણારૂપ બનતી કાલુપુર પ્રા.શાળામાં શિક્ષક દિનની અનોખી ઉજવણી

બાલાસિનોર,

શિક્ષક દિન નિમિત્તે બાલાસિનોરની કાલુપુર પ્રાથમિક શાળા, પીએમશ્રી–ગુજરાત ખાતે અનોખી રીતે શિક્ષક સન્માન કાર્યક્રમ યોજાયો હતો. મસ્જિદે બદર કમિટી તથા કાલુપુરના ગ્રામજનો દ્વારા શાળાના આચાર્ય વનિતાબહેન પટેલ સહિત તમામ શિક્ષકોનું સન્માનપત્ર અને સ્મૃતિભેટ આપી સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન ગ્રામજનો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચે સંવાદ યોજાયો હતો. શાળામાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે શિક્ષકો દ્વારા કરવામાં આવતી વિવિધ શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉપસ્થિતોએ પ્રશંસા કરી હતી.આ પ્રસંગે મસ્જિદે બદર કમિટીના કારોબારી સભ્યો ઝાકીર હુસેન કારીગર, ફિરદોસભાઈ ખોખર, ઈદ્રીશખાન પઠાણ, સબ્બીરભાઈ સહિતના સભ્યો તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. કાલુપુર વિસ્તારના સમાજસેવિકા અને પત્રકાર જમીલાબેન દિવાન કાર્યક્રમના અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામજનોએ જણાવ્યું હતું કે, શિક્ષકોનું સન્માન કરવું એટલે સમાજના ભવિષ્યના ઘડવૈયાઓનું સન્માન કરવું. વિવિધ સમાજના લોકો દ્વારા શિક્ષકોનું સન્માન કરવામાં આવતા કાર્યક્રમમાં સામાજીક એકતા અને ભાઈચારાની ભાવના પણ જોવા મળી હતી. કાલુપુર પ્રાથમિક શાળાના શિક્ષકોની કામગીરીને બિરદાવવા યોજાયેલો આ કાર્યક્રમ ગુરૂ પ્રત્યેની કૃતજ્ઞતા વ્યકત કરવાની સાથે શિક્ષણ પ્રત્યે સમાજની પ્રતિબદ્ધતાનું ઉદાહરણ બન્યો હતો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 30, No.17

તા.૧૦/૦૯/૨૦૨૬
ગુરુવાર

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# શહેરા પંથકમાં અનાવૃષ્ટિના એંધાણ વચ્ચે આસ્થાનો ઉત્સવ: મહિલાઓએ પુરુષવેશે ગાયોનું ધણ વાળી ધાડ પાડવાની વિધિ કરી

– મેઘરાજાને રીઝવવા પંચમહાલમાં અનોખી લોકપરંપરા પુનઃ જીવંતઃ પુરુષોનો વેશ ધારણ કરી મહિલાઓએ પાડી ધાડ.
– હાથમાં ડંડા અને પુરુષોના વસ્ત્રો પહેરી મહિલાઓ રસ્તા પર ઉતરીઃ સામસામે ગામની મહિલાઓ વચ્ચે સર્જાયો પરંપરાગત ઉત્સવ.
– લોકવાયકા મુજબ જો ધાડ પાડવા જતી મહિલાઓના રસ્તામાં કોઈ પુરુષ સામો મળે તો તેને અત્યંત અપશુકનિયાળ માનવામાં આવે છે અને વિધિનો ભંગ થાય છે.





વરસાદ ખેંચાય છે ત્યારે મહિલાઓ હાથમા ડંડા લઈને ધાડ પાડવા નીકળી પડે છે અને રસ્તામા જો કોઈ પુરુષ મળે તો તેમને પણ માર પાડે છે,કારણ કે રસ્તામા ધાડ પાડવા જતા પુરુષ મળે તો તે અપશુકનિયાળ માનવામા આવે છે. જ્યારે આ મહિલાઓનુ ટોળુ નીકળે ત્યારે પુરુષો પણ આગળ આવતા નથી.ઢોલના તાલે નાચતા નાચતા મેઘરાજાને રિઝવવા માટે ગીતો પણ ગાતા હોય છે. વર્ષોની આ પરંપરા થકી વરસાદ આવતો હોય એવી લોકમાન્યતા રહેલી છે.

શહેરા,

શહેરા સહિત સમગ્ર જીલ્લામાં ચાલુ ચોમાસે વરસાદ ખેંચાતાં મકાઈ, ડાંગર સહિતના ખેતી પાકોને લઈને ધરતીપુત્રો ભારે ચિંતિત બન્યા છે. કુદરતને પ્રસન્ન કરવા અને મેઘરાજાને મનાવવા માટે તાલુકાના સાજીવાવ અને મહેલાણ સહિત અન્ય ગ્રામ્ય વિસ્તારોમાં પૂર્વજોના સમયથી ચાલી આવતી ‘‘ધાડ’’ પાડવાની અનોખી લોકપરંપરા પુનઃ જીવંત થઈ ઉઠી હતી. જ્યારે વરસાદ ખેંચાય ત્યારે મહિલાઓ પુરૂષોનો વેશ ધારણ કરીને પડોશી ગામમાંથી ગાયોનું ધણ વાળી લાવે તો ઈન્દ્રદેવ પ્રસન્ન થતા હોવાની લોકમાન્યતા છે.

શહેરા સહિત સમગ્ર જીલ્લામાં વરસાદ ખેંચાતા ખેડૂતો મકાઈ, ડાંગર સહિતના અન્ય ખેતી પાકને લઈને ચિંતિત બન્યા હતા. ચોમાસાની શરૂઆતમાં ઉત્સાહભેર વાવણી કર્યા બાદ અચાનક જ વરસાદ ગાયબ થઈ જતાં ખેડૂતોએ વાવેલા મોંઘાદાટ ખાતર અને બિયારણનો ખર્ચ માથે પડે તેવી સ્થિતિ નિર્માણ પામી છે. ઊભો પાક પાણી વિના સૂકાઈ જવાની અને ખેતી સંપૂર્ણ નિષ્ફળ જવાની ભીતિ સેવાઈ રહી છે. આવી ગંભીર પરિસ્થિતિમાં વરસાદને રીઝવવા અને કુદરતને પ્રસન્ન કરવા માટે તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વર્ષો જૂની અને અનોખી લોકપરંપરા પુનઃ જીવંત થઈ ઉઠી હતી. તાલુકાના સાજીવાવ અને મહેલાણ સહિતના વિવિધ ગામોમાં ગ્રામજનોએ મેઘરાજાને મનાવવા માટે પૂર્વજોના સમયથી ચાલી આવતી પરંપરા ધાડ કાઢી હતી. ગ્રામ્ય સંસ્કૃતિમાં એવી અડગ લોકમાન્યતા અને આસ્થા પ્રવર્તે છે કે જ્યારે ચોમાસાની ઋતુમાં વરસાદ લાંબા સમય સુધી ખેંચાય કે રૂઠે, ત્યારે જો મહિલાઓ પુરૂષોનો વેશ ધારણ કરીને પડોશી ગામમાંથી ગાયોનું ધણ વાળી લાવે, તો વરસાદના દેવતા ઈન્દ્રદેવ પ્રસન્ન થાય છે અને ધરતી પર અમૃતરૂપી કાચું સોનું વરસે છે.ગામની મહિલાઓએ વિધિવત ઉપવાસ રાખીને પુરૂષોના વસ્ત્રો પરિધાન કર્યા હતા. હાથમાં લાકડીઓ, ડંડા, ધજા, શ્રીફળ સાથે મહિલાઓ રસ્તા પર ઉતરી પડી હતી. હોકારા–દેકારા અને ચીચિયારીઓ સાથે મહિલાઓ પગપાળા એક ગામથી બીજા ગામ ગયા હતા. સાજીવાવ ગામની મહિલાઓ મહેલાણ ગામે પહોંચીને ફળિયા અને મહોલ્લામાં બાંધેલા પશુઓ તથા ગાયોના ધણને છોડાવીને પોતાના ગામ તરફ વાળી લાવવાની રસપ્રદ વિધિ કરી હતી.લોકરીતિના નિયમ મુજબ, જે ગામની ગાયો આ રીતે વાળી જવામાં આવી હોય તે ગામની મહિલાઓ પણ પુરૂષોના વસ્ત્રો પરિધાન કરી એકત્ર થઇ ને હાથમાં લાકડી લઈને પરંપરાગત આજ રીતે પોતાની ગાયોને પરત મેળવવા માટે સામેના ગામે આવ્યા હતા.બે ગામની મહિલાઓ જ્યારે સામસામે આવી ત્યારે એક અનોખો ધાર્મિક અને સાંસ્કૃતિક ઉત્સવનો માહોલ સર્જાયો હતો. બંને બાજુની મહિલાઓએ પરંપરાગત રીત–રિવાજો મુજબ સામસામે આવીને ઉત્સાહભેર આ આખી વિધિ પૂર્ણ કરી હતી.

આ જોવા માટે આસપાસના ગ્રામજનો મોટી સંખ્યામાં એકઠા થયા હતા અને સમગ્ર પંથકમાં ભારે કૌતુક, ઉત્સુકતા તથા ગઢ આસ્થાનો માહોલ જોવા મળ્યો હતો.સ્થાનિક ગ્રામજન કૈલાશબેન ના જણાવ્યા અનુસાર, આ કોઈ અંધશ્રદ્ધા નથી, પરંતુ પૂર્વજોના સમયથી ચાલી આવતી એક આસ્થા અને લોકપરંપરા છે. ભૂતકાળમાં પણ જ્યારે જ્યારે વરસાદ ખેંચાયો છે ત્યારે ગામની મહિલાઓએ આ પ્રકારે વિધિ કરી છે અને તેના પરિણામે મેઘરાજા અવશ્ય પધાર્યા છે.હાલમાં વાવેતર કરેલો પાક સુકાઈ રહ્યો હોય ત્યારે ગ્રામજનોને દ્રઢ વિશ્વાસ છે કે, મહિલાઓ દ્વારા કરવામાં આવેલા આ કઠોર ઉપવાસ અને લોકવિધિથી મેઘરાજા ચોક્કસ રીઝાશે, વહેલી તકે પંથકમાં સારો વરસાદ પડશે તેવી આશા ખેડૂતોમાં બંધાઈ હતી.

# ગોધરામાં જિલ્લા પંચાયતની સરકારની યોજનામાં શિક્ષણના નામે સરકારી નાણાંની ઉચાપત કરી સરકાર ને કરોડો રુપિયાનું નુકસાન પહોંચાડનાર ચાર આરોપીઓના આગોતરા જામીન અરજી સેશન્સ કોર્ટ ગોધરા એ ફગાવી.

**પંચમહાલ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી ગાયત્રી પટેલને પણ આરોપીઓની યાદીમાં દર્શાવ્યા.સમગ્ર મામલામાં તેમની મિલીભગત બહાર આવી.પોલીસે તપાસમાં આરોપી ગણાવ્યા.**

ગોધરા

ગોધરા જિલ્લા પંચાયત ખાતે આવેલી શિક્ષણ શાખામાં પૂજન રમેશચંદ્ર જોશી,નીતિન જયંતીભાઈ પટેલ એ સરકારી ધારા ધોરણ મુજબની ખરીદી પ્રક્રિયા નહીં કરી બનાવટી બિલો બનાવી તે બિલોને સાચા તરીકે ઉપયોગ કરી તે આધારે સરકારની ગ્રાન્ટમાંથી બીલો મુજબના નાણાં જે.એસ.કોમ્પ્યુટર ગોધરા ના માલિક,શ્રી રામ એન્ટરપ્રાઈઝ રાજકોટના માલિક,વેદિકા એન્ટરપ્રાઈઝ રાજકોટના માલિક,અક્ષર સેફટી પ્રોડકટ,રાજકોટના માલિક ના માદયમથી કરવામાં આવ્યા હતા. જે બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર થયેલા તે મુજબની કોઈ વસ્તુ ક્યારેય કોઈ પણ સરકારી શાળાને ફાળવેલ હતી નહીં તેવું અને સરકાર સાથે છેતરપિંડી કરી ખૂબ મોટી રકમની ઉચાપત કરી સરકારી તિજોરીને કરોડો રૂપિયાનું નુકસાન પહોંચાડ્યું હતું. જે મામલે ગોધરા શહેર બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં આરોપીઓ વિરુદ્ધ ગુન્હો નોંધવામાં આવ્યો હતો.

જે મામલે આરોપીઓ કાજલબેન વિજયભાઈ સોનીગ્રા(વેદિકા એન્ટરપ્રાઈઝ ના માલિક), શ્રીરામ એન્ટરપ્રાઈઝના માલિક મહેશભાઈ મૂળશંકર ભટ્ટ, પ્રશાંત મહેશભાઈ ભટ્ટ,સ્વાતિ પ્રશાંતભાઈ ભટ્ટ (અક્ષર સેફટી પ્રોડકટ ના માલિક) દ્વારા ગોધરા સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી હતી.જેમાં પોલીસે એફિડેવિટ રજૂ કર્યું હતું.આ અંગેની સુનાવણી ગોધરા સેશન્સ કોર્ટના ચોથા એડિશનલ ડિસ્ટ્રીકટ જજ આર.આર.પટેલની કોર્ટમાં ચાલી જતા જિલ્લા સરકારી વકીલ રાકેશ એસ.ઠાકોર દ્વારા વિગતવારની દલીલો કરવામાં આવી હતી.જે આરોપીઓ શ્રી રામ એન્ટરપ્રાઈઝ રાજકોટના માલિક,વેદિકા એન્ટરપ્રાઈઝ રાજકોટના માલિક,અક્ષર સેફટી પ્રોડકટ,રાજકોટના માલિક ની એજન્સી વતી પૂજન રમેશચંદ્ર જોશી,નીતિન જયંતીભાઈ પટેલ અને ગાયત્રીબેન હરિભાઈ પટેલ(જિલ્લા પ્રોજેક્ટ કોઓર્ડિનેટર) સાથે મળી સહ આરોપીઓએ સરકારી ધારાધોરણ નિયમો અને પરિપત્ર મુજબની ખરીદી પ્રક્રિયા નહીં કરી બનાવટી બિલો બનાવી તે બિલોને સાચા તરીકે ઉપયોગ કરી તે આધારે સરકારની ગ્રાન્ટ માંથી બિલો મુજબના નાણા આરોપી જે.એસ. કોમ્પ્યુટર ગોધરા ના માલિક, શ્રીરામ એન્ટરપ્રાઈઝ રાજકોટના માલિક, વેદિકા એન્ટરપ્રાઈઝ રાજકોટના માલિક, અક્ષર સેફટી પ્રોડકટ રાજકોટના માલિક વગેરેને ચુકવણું કર્યું હતું. જે આ એજન્સીઓએ પોતાના પાસે નાણા મળ્યા બાદ પણ સરકારી શાળાઓમાં સાધનો પુરા નહીં પાડી ઉપરોક્ત તમામ આરોપીઓ પોતાના આર્થિક લાભ મેળવવા માટે બદ ઈરાદાપૂર્વક ષડયંત્ર રચી એકબીજાના મેળાપીપળાથી સરકારી નાણાંના કુલ રૂપિયા ૨,૭૯,૫૯,૮૧૬ ની ઉચાપત કરી ગુનાહિત કૃત્ય કર્યું. અને હાલ આ મામલે પોલીસની તપાસ પણ ચાલુ છે.જે મામલે કોર્ટે ચાર આરોપીઓના આગોતરા જામીન અરજી નામંજુર કરી હતી.

**તપાસના નામે અરજદારોને ખો...ખો...રમાડાય છે**

# દાઉદ્રા ગ્રામ પંચાયતમાં અઢી વર્ષથી સભાઓ નહીં! ભરાતી હોવાની જીલ્લા કક્ષાએ રજૂઆત બાદ તપાસ તાલુકા અધિકારીને સોંપાતા ઉઠ્યા સવાલો

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના દાઉદ્રા ગ્રામ પંચાયતમાં છેલ્લા અઢી વર્ષથી સામાન્ય સભા અને ગ્રામસભા યોજાઈ ન હોવાના આક્ષેપોને લઈને હવે સમગ્ર મામલો ચર્ચામાં આવ્યો છે.

મહત્વની વાત એ છે કે, ગ્રામ પંચાયતના સદસ્યોના જણાવ્યા મુજબ આ મામલે પંચાયતના તલાટી કમ મંત્રીએ પણ સભ્યો સમક્ષ છેલ્લા અઢી વર્ષથી સામાન્ય સભા અને ગ્રામસભા ન યોજાઈ હોવાની કબૂલાત કરી હોવાનું જણાવાયું છે. સવાલ એ છે કે, જો ગ્રામ પંચાયતની સામાન્ય સભા અને ગ્રામસભા લાંબા સમયથી યોજાઈ જ ન હોય, તો પંચાયતનું વહીવટી કામકાજ કઈ રીતે ચાલતું હતું?

અગાઉ સરપંચ વિરૂદ્ધ અવિશ્વાસની દરખાસ્ત કરવામાં આવી હતી. ત્યારબાદ વિવિધ મુદ્દાઓને લઈને સરપંચને સસ્પેન્ડ કરવામાં આવ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. જોકે બાદમાં સસ્પેન્શન રદ કરવામાં આવ્યું હતું. ત્યારબાદથી સરપંચ અને ગ્રામ પંચાયતના કેટલાક સદસ્યો વચ્ચે મતભેદ ઊભા થયા હોવાના આક્ષેપો પણ સામે આવ્યા છે. સદસ્યોનો આક્ષેપ છે કે, અવિશ્વાસની દરખાસ્ત બાદ તેમની સામે દ્રેષભાવ રાખવામાં આવ્યો અને પરિણામે પંચાયતની સામાન્ય સભા કે ગ્રામસભા નિયમિત રીતે યોજાઈ નથી.

આ સમગ્ર મામલે ગ્રામ પંચાયતના સદસ્યોએ જીલ્લા વિકાસ અધિકારી સમક્ષ લેખિત રજૂઆત કરી હતી. પરંતુ રજૂઆત બાદ હવે તપાસ તાલુકા કક્ષાના અધિકારીને સોંપવામાં આવતા સદસ્યોમાં નારાજગી જોવા મળી રહી છે. અહીં સૌથી મોટો સવાલ એ છે કે જ્યારે ફરિયાદ જીલ્લા કક્ષાએ કરવામાં આવી છે, ત્યારે તપાસ ફરીથી સ્થાનિક કક્ષાના અધિકારીને સોંપવાથી શું ખરેખર નિષ્પક્ષ તપાસ થઈ શકશે? અરજદારોનો આક્ષેપ છે કે સ્થાનિક સ્તરે જ તપાસ સોંપાતા તપાસની પારદર્શિતા અંગે પ્રશ્નો ઊભા થાય છે. સાથે જ, સરપંચ સ્થાનિક રાજકીય સંગઠન સાથે જોડાયેલા હોદ્દેદાર હોવાના કારણે તપાસ પર કોઈ રાજકીય દબાણ તો નહીં આવે ને?

હવે સવાલ માત્ર દાઉદ્રા ગ્રામ પંચાયતનો નથી. સવાલ એ છે કે ગ્રામસભા અને સામાન્ય સભા જેવી લોકશાહી પ્રક્રિયાઓ જો અઢી વર્ષ સુધી ન યોજાઈ હોય, તો જવાબદારી કોની? તપાસમાં માત્ર કાગળ પરની કાર્યવાહી થશે કે પછી હકીકતમાં નિયમોનું પાલન થયું કે નહીં તેની ઊંડાણપૂર્વક તપાસ થશે? અરજદારોનું કહેવું છે કે જો તપાસમાંથી યોગ્ય ન્યાય નહીં મળે તો તેઓ કોર્ટનું શરણ લેશે. હવે જોવાનું એ રહેશે કે જીલ્લા તંત્ર દ્વારા તાલુકા અધિકારીને સોંપવામાં આવેલી આ તપાસ ખરેખર નિષ્પક્ષ અને પારદર્શક રીતે થાય છે કે પછી એક અધિકારી પાસેથી બીજા અધિકારી સુધી ફરિયાદની ખો–ખોની રમત ચાલતી રહેશે?

દાઉદ્રા ગ્રામ પંચાયતના આ સમગ્ર મામલે હવે સ્થાનિક સદસ્યોની નજર જીલ્લા તંત્રની તપાસ પર છે. તપાસનો અંત શું આવે છે અને જવાબદારી કોની નક્કી થાય છે તે જોવું રહ્યું.

# ગોધરા બામરોલી રોડ પ્રુમખ આર્શીવાદ સોસાયટીના વધ ઘટ થતાં વીજ પ્રવાહની રજુઆત છતાં એમ.જી.વી.સી.એલ.ની બેદરકારીને લઈ વીજ ઉપકરણોને બળી જતાં ભારે નુકશાન થયાનો આક્ષેપ

ગોધરા,

ગોધરાના બામરોલી રોડ પર આવેલ પ્રમુખ આર્શીવાદ સોસાયટીમાં વીજ પ્રવાહના લો વોલ્ટેજને લઈ સોસાયટીના રહિશોના ઘરોના વીજ ઉપકરણોને ભારે નુકશાન થવા પામ્યું છે. જેને લઈ મધ્ય ગુજરાત વીજ કંપનીની બેદરકારીનો આક્ષેપ કર્યો છે.

ગોધરા બામરોલી રોડ પર આવેલપ્રમુખ આર્શીવાદ સોસાયટીમાં વીજ પ્રવાહની વધઘટ થયાને લઈ રહિશો દ્વારા વીજ કંપનીમાઃ રજુઆત કરવામાં આવી હતી. સોસાયટીમાં લો વોલ્ટેજની સમસ્યા માટે મધ્ય ગુજરાત વીજ કંપની બેદરકાર રહી હતી. જેને લઈ રહેણાંક મકાનમાં ફિટ કરવામાં આવેલ વીજ ઉપકરણો એ.સી., વોશીંગ મશીન, કીચન ચીમની, ટીવી સહિતનું ભારે નુકશાન થવા પામ્યું છે. આ સોસાયટીમાઃ ૮૦ ઉપરાંત મકાનો આવેલ છે અને લો વોલ્ટેજની સમસ્યાને લઈ મોટાભાગના મકાનોમાં વીજ ઉપકરણોને નુકશાન થવા પામ્યું છે. વીજ પ્રવાહની વધઘટને લઈ મકાનોમાં શોર્ટ સર્કિટ થતાં રહિશોમાં દોડધામ મચવા સાથે શોર્ટ સર્કિટ થતાં રહિશો દ્વારા લો વોલ્ટેજની સમસ્યાની રજુઆત થતાં સમસ્યા માટે ગંભીરતા નહિ દાખવાને લઈ સોસાયટીના રહિશોને નુકશાન થયાના આક્ષેપ કરવામાં આવ્યો છે.

# વેજલપુરના રાજાનું ધમાકેદાર આગમન : શ્રીજીની ભવ્ય સવારી નીકળી



કાલોલ,

ગણપતિ બાપ્પા મોરયાના નાદ સાથે આખું પંચમહાલ ગુંજી ઉઠ્યું છે, ત્યારે કાલોલ તાલુકાના વેજલપુર કાછીયાવાડમાં વેજલપુરના રાજાનું શાનદાર આગમન !

કાલોલ તાલુકાના વેજલપુરના કાછીયાવાડ વિસ્તારમાં ગણેશજીની સ્થાપના કરવામાં આવી છે. આ પ્રસંગે કાછીયાવાડના યુવા ધન અને સમસ્ત વેજલપુર ગ્રામજનોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.શ્રીજીની શોભાયાત્રા ધર્મેશ્વર મહાદેવ મંદિરથી પ્રસ્થાન કરાવવામાં આવી હતી. ત્યાંથી સિંધીવાડ, ગ્રામ પંચાયત કચેરી, ચંદન સોસાયટી જેવા મુખ્ય વિસ્તારોમાં નગરયાત્રા સ્વરૂપે ફરી હતી.અને આખા રસ્તે ઠેર ઠેર ગણેશ ભક્તોએ ફૂલો વરસાવીને શ્રીજીનું ભાવભર્યું સ્વાગત કર્યું હતું. ડીજે ના તાલે યુવાનો ઝૂમી ઉઠ્યા હતા, નાચ્યા હતા અને ગરબાની રમઝટ સાથે વેજલપુરના રાજાનું કાછીયાવાડ સ્વામિનારાયણ મંદિર પાસે શાનદાર આગમન કરાવવામાં આવ્યું હતું. આખું વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. વેજલપુરના રાજાના દર્શન માટે ભક્તોની ભારે ભીડ ઉમટી રહી છે. વિઘ્નહર્તા સૌની મનોકામના પૂર્ણ કરે એવી પ્રાર્થના કરાઈ હતી

# ગોધરા તાલુકા પંચાયતના સભાખંડમાં પોષણ-માસની ઉજવણી અંતર્ગત પોષ્ટિક વાનગી સ્પર્ધા-૨૦૨૬ યોજાઇ હતી

ગોધરા,

ગોધરા તાલુકા પંચાયતના હોલમાં પોષણ ઉત્સવ ૨૦૨૬ અંતર્ગત આઈસીડીએસ ગોધરા ઘટક–૧ થી ૪ ની પોષ્ટિક વાનગી સ્પર્ધાનુ આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં પોષણનું મૂલ્ય તેમજ યોગ્ય રાંધવાની પધ્ધતિઓ અંગે માહિતી આપવામાં આવી હતી.આ પોષણ ઉત્સવ ઉજવણીમાં THR અને મિલેટ્સ માંથી બનતી વિવિધ પૌષ્ટિક વાનગી બનાવીને સ્પર્ધા યોજી.આ વાનગી સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય, અને તૃતીય ક્રમે આવેલ વિજેતાઓને પ્રમાણપત્ર તેમજ પ્રોત્સાહન ઈનામ વિતરણ કરવામાં આવ્યા હતાં. તેમજ નિર્ણાયક તરીકે ન્યૂટ્રિશન આસિસ્ટન્ટ (NRC) સિવિલ હોસ્પિટલ ગોધરા થી હાજર રહેલ હતા. આ કાર્યક્રમમાં ગોધરા તાલુકા પંચાયતના પ્રમુખ તેમજ તાલુકા વિકાસ અધિકારી આઈસીડીએસના સીડીપીઓ અને આઈસીડીએસ કર્મચારીઓ સહિત મોટીસંખ્યામાં આંગણવાડી વર્કર બહેનો હાજર રહ્યાં હતાં.

# કાલોલ નગરપાલિકા દ્વારા પોલીસ બંદોબસ્ત સાથે નડતરરૂપ દબાણો દુર કરી રોડ રસ્તાઓ ખુલ્લા કરાયા



કાલોલ,

કાલોલ નગરપાલિકા દ્વારા શહેરના મુખ્ય બજારો સહિત રોડ રસ્તાઓને અડી ને આવેલા નડતરરૂપ દબાણો કાલોલ પોલીસ અને નગરપાલિકા સંયુક્ત કામગીરી હાથ ધરીને ૧૦૦ થી વધુ લારી ગલ્લા અને કાચા પાકા દબાણો દુર કરવામાં આવ્યા હતા અને ભવિષ્યમાં આવી રીતે રોડ રસ્તાઓ પર દબાણ ન કરવાં તાકિદ કરી હતી. વધુમાં આડેધડ દબાણોને લઈને પણ વેપારીઓને ચેતવ્યા હતા જ્યાં અડચણ રૂપી સમાન વેપારીઓ દુકાનો આગળ મૂકી દુકાનો ની ઉપર છત બનાવવા માટે નડતરરૂપ પતરાંઓના બનાવેલ શેડ કાલોલ પોલીસના ભારે બંદોબસ્ત સાથે નગરપાલિકા દ્વારા ઝુંબેશ હાથ ધરી દુર કરવામાં આવ્યા હતા. આ કામગીરી મા કાલોલ નગરપાલિકાના ચીફ ઓફિસર સંજયભાઈ પટેલ અને ટાઉન પોલીસ જમાદાર પ્રવિણભાઈ બારીયા સહિત પોલીસ સાથે હોમગાર્ડ અને નગરપાલિકા કર્મચારીઓની સંયુક્ત ટીમે કામગીરી હાથ ધરી હતી. જેમાં નડતરરૂપ ૧૦૦ થી વધુ લારી ગલ્લા તથા દુકાનો ઉપરના સેડ અને કાચા પાકા દબાણો દુર કરવામાં આવ્યા હતા. તદુપરાંત દુકાન આગળ બનાવેલ ઓટલા અને હવાઈ દબાણો દુર કર્યા હતા. તો ટ્રાફિકને નડતર રૂપ વાહનો તથા વેપારી દ્વારા રોડ પર ગોઠવવામાં આવેલ નડતર રૂપ સામાન નહી રાખવા ચેતવણી આપવામાં આવી હતી. જેમાં કાલોલ પોલીસ અને નગરપાલિકા દ્વારા સંયુક્ત કામગીરી ભાથીજી મંદિર રોડ, મેન ગેટ બસ સ્ટેન્ડ રોડ તેમજ બસ સ્ટેશન પાછળ નો રોડ, પ્રાણીની ટાંકી ફાયર સ્ટેશન, એમજીએસ સ્કુલની બાજુમાં અને ગાયત્રી મંદિર ગાર્ડન બાજુ સહિતના વિસ્તારોમાં દબાણ હટાવવાની કામગીરી હાથ ધરી હતી.

# હાલોલમાં ગણેશજીની આગમન યાત્રા દરમિયાન ડી.જે. વચ્ચે શકિત પ્રદર્શનની હોડને લઈ ટ્રાફિક જામ સર્જાયો



હાલોલ,

પંચમહાલ જીલ્લા પોલીસે ડીજેનો અવાજ ન વધારવા સ્પષ્ટ સૂચના આપી હતી. તેમ છતાં, હાલોલમાં એકસાથે ચાર ડીજે સિસ્ટમ સાથે શક્તિપ્રદર્શન કરવામાં આવ્યું. આના કારણે હજારોની ભીડથી મુખ્ય માર્ગો પર ટ્રાફિક જામ થયો અને તંત્રની કામગીરી પર સવાલો ઉભા થયા.

ગણેશ મહોત્સવને ધ્યાનમાં રાખીને પંચમહાલ જીલ્લા પોલીસે ડીજેના અવાજની મર્યાદા જાળવવા અને નિયમો પાળવા સૂચનાઓ આપી હતી. જોકે, મંગળવારે રાત્રે હાલોલમાં આ સૂચનાઓનો ખુલ્લો ભંગ થયો. એકસાથે ચાર મોટા ડીજે સાઉન્ડ સિસ્ટમ સાથે શક્તિપ્રદર્શન કરાયું. પોતાના ડીજેનો અવાજ અને શક્તિ સૌથી વધુ હોવાની હોડમાં હજારો લોકો રસ્તા પર ઉમટી પડ્યા.

હાલોલ એસટી સ્ટેન્ડથી વડોદરા રોડ અને કણજરી રોડ સુધી વાહનવ્યવહાર ખોરવાઈ ગયો. તેના કારણે ટ્રાફિક જામ જેવી સ્થિતિ સર્જાઈ. ગણેશજીની આગમન યાત્રા ભક્તિ અને શ્રદ્ધાનું પ્રતીક હોવી જોઈએ, પરંતુ અહીં ભક્તિને બદલે ડીજેનો ઘોંઘાટ અને શક્તિપ્રદર્શન મુખ્ય આકર્ષણ બન્યા.

સૌથી મોટો સવાલ એ છે કે, જીલ્લા પોલીસે અગાઉથી ડીજેનો અવાજ ન વધારવા અને નિયમોનું પાલન કરવા સૂચના આપી હતી. તેમ છતાં, ચાર ડીજે એકસાથે આટલા મોટા અવાજે કયા નિયમ હેઠળ વગાડવામાં આવ્યા? શું પોલીસ અને વહીવટી તંત્રને આટલી મોટી ભીડ અને ડીજેના આયોજનની જાણ નહોતી? જો જાણ હતી, તો અગાઉથી કાર્યવાહી કેમ ન કરવામાં આવી?

જ્યારે ડીજે એકબીજાની નજીક આવ્યા, ત્યારે યુવાનોમાં ’કોનો ડીજે સૌથી પાવરફુલ’ તેની સ્પર્ધા શરૂ થઈ હોય તેવું વાતાવરણ બન્યું. આના કારણે ભીડમાં ઉન્માદ વધ્યો. ચપ્પલો ઉછળવાના દશ્યો જોવા મળ્યા અને કણજરી રોડ સહિતના માર્ગો પર અફરાતફરી સર્જાઈ.

બીજા દિવસે સવારે તે જ માર્ગ પર ઠેરઠેર ચપ્પલો પડેલી જોવા મળી. નગરપાલિકાને સફાઈ કામગીરી કરવી પડી. આ દશ્ય માત્ર અવ્યવસ્થા દર્શાવતું નથી, પરંતુ ધાર્મિક ઉજવણીના નામે વધી રહેલા ડીજેના ઉન્માદ સામે સમાજ માટે આત્મમંથનનો વિષય પણ છે.

પ્રશ્ન એ છે કે, જીલ્લા પોલીસની સૂચનાઓ માત્ર કાગળ પર જ રહેશે કે તેનો અમલ જમીની સ્તરે પણ જોવા મળશે?

ગણેશજીની આગમન યાત્રા ડીજેની શક્તિ બતાવવાનું મેદાન નહીં, પરંતુ ભકિત અને શ્રદ્ધાનો ઉત્સવ બનવી જોઈએ. તંત્રએ પણ હવે જાહેરનામાથી આગળ વધી નિયમોનો કડક, નિષ્પક્ષ અને વાસ્તવિક અમલ કરાવવો પડશે. નહીં તો ’નિયમો સૌ માટે સમાન’ હોવાનો દાવો માત્ર કાગળ પર જ રહી જશે

# પંચમહાલ જીલ્લામાં ગેરકાયદે વ્યાજખોરી અને અનિયમિતતા સામે તંત્રની સખ્ત કાર્યવાહી

ગુજરાત નાણાં ધીરધાર કરનારા અધિનિયમનું ઉલ્લંઘન કરતા ૧૭૪ શાહુકારોને કારણદર્શક નોટિસ ફટકારાઈ.
– સામાન્ય નાગરિકો, ગરીબ અને આદિવાસી વર્ગનું આર્થિક શોષણ અટકાવવા જીલ્લા રજીસ્ટ્રાર કચેરી દ્વારા સઘન તપાસ ઝુંબેશ.
– નિયત સમયમાં સંતોષકારક ખુલાસો નહીં મળે તો લાયસન્સ કાયમી ધોરણે રદ કરવા સહિતની કડક દંડાત્મક કાર્યવાહીની ચીમકી.

પંચમહાલ,

પંચમહાલ જીલ્લામાં ગુજરાત નાણાં ધીરધાર કરનારા અધિનિયમ, ૨૦૧૧ અને નિયમો, ૨૦૧૩ હેઠળ નોંધાયેલા શાહુકારો દ્વારા નીતિ–નિયમોનું ચુસ્તપણે પાલન થાય અને સામાન્ય નાગરિકોનું આર્થિક શોષણ અટકે તે હેતુથી તંત્ર દ્વારા સખ્ત કર્યાવાહી કરવામાં આવી છે. જીલ્લા રજીસ્ટ્રાર શ્રી ડી. કે. ખેરના માર્ગદર્શન હેઠળ હાથ ધરાયેલ સઘન તપાસ અભિયાન દરમિયાન નિયમોનું ઉલંઘન કરનારા ૧૭૪ શાહુકારોને કડક નોટિસ ફટકારવામાં આવી છે.

– તપાસ દરમિયાન સામે આવેલી બેદરકારી અને નિયમોનું ઉલંઘન : કાયદાની જોગવાઈ મુજબ તમામ લાયસન્સધારક શાહુકારોએ દર માસની ૧ થી ૫ તારીખ સુધીમાં લોનની વિગતો દર્શાવતું નિયત નમૂના નંબર–૧૧ નું પત્રક સરકારી ઓનલાઇન પોર્ટલ (ecooperative.gujarat.gov.in)પર ફરજીયાત સબમીટ કરવાનું હોય છે. આ ઉપરાંત જીલ્લા રજીસ્ટ્રાર કચેરી દ્વારા છેલ્લા ૩ વર્ષના નાણાકીય હિસાબો, ઓડિટ રિપોર્ટ તેમજ કુલ આવક–જાવકના વ્યવહારોની વિગતો મંગાવવામાં આવી હતી.તપાસ દરમિયાન મોટાભાગના શાહુકારો દ્વારા પોર્ટલ પર સમયસર વિગતો અપલોડ ન કરવા તથા હિસાબોનું ઓડિટ ન કરાવવા જેવી ગંભીર બેદરકારી સામે આવી હતી. જેને પગલે કલમ–૨૧(૨)(ક)(૧) તથા કલમ–૪૩ હેઠળ ૧૫ દિવસમાં ખુલાસો કરવા આદેશ અપાયો છે. આ ઉપરાંત કલમ–૦૯ હેઠળ રજીસ્ટ્રેશન તાજુ ન કરાવેલ શાહુકારોને પણ નોટિસ બજાવવામાં આવી છે. જો નિયત સમયમાં સંતોષકારક ખુલાસો નહીં મળે તો લાયસન્સ કાયમી ધોરણે રદ કરવા સહિતની કડક દંડાત્મક કાર્યવાહી હાથ ધરાશે.– શૂન્ય (Nil) ટર્નઓવર ધરાવતા શાહુકારો માટે પણ કડક સૂચના : જીલ્લા રજીસ્ટ્રાર દ્વારા વધુમાં સ્પષ્ટ તાકીદ કરવામાં આવી છે કે, જે શાહુકારોના ધંધાનું ટર્નઓવર શૂન્ય (Nil) હોય તેમણે પણ નિયત સમયમર્યાદામાં નીલ પત્રક કચેરીમાં અચૂક રજૂ કરવાનું રહેશે.સરકારી ધારાધોરણો અને નિયત વ્યાજદર કરતા વધુ વ્યાજ વસૂલતા કે ગેરકાયદે ધીરાણની પ્રવૃત્તિ આચરતા તત્વો સામે સામાન્ય જનતાના હિતમાં આગામી દિવસોમાં પણ કડક ઝુંબેશ ચાલુ રહેશે. ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં ધીરાણના નામે ચાલતી અનિયમિતતાઓ અને ગેરકાયદેસર વ્યાજખોરી પર લગામ લગાવવા આ પગલું ભરવામાં આવ્યું છે, જેથી ગરીબ અને આદિવાસી વર્ગના લોકોનું શોષણ અટકે.તંત્ર દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે જો કોઈ શાહુકાર ગેરકાયદેસર રીતે વધુ વ્યાજ વસૂલતો કે અનિયમિતતા આચરતો જણાય, તો તુરંત જ જીલ્લા રજીસ્ટ્રાર કચેરી, ગોધરાનો સંપર્ક કરવો.